# આત્મધર્મ

માસિક : વર્ષ-૨૦ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૨૬



પોષ સુદ-૧૫,
તા. ૦૩-૦૧-૨૦૨૬
શ્રી જમ્બૂદ્વીપ-બાહુબલી મુનીન્દ્ર
તૃતીય વાર્ષિક દિન

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● હે જીવ ! શુદ્ધનયથી બધા જીવો શુદ્ધ જ છે–એમ જાણીને તું ક્યારેય પણ શુદ્ધ આત્મતત્ત્વની ભાવનાને ન છોડ; ખરેખર શુદ્ધનયનું સેવન કરનાર જીવ સદાય શુદ્ધ જ રહ્યા કરે છે. ૧૩૫. (શ્રી નેમીશ્વર વચનામૃત-શતક, શ્લોક-૧૬)

● અશુદ્ધ સંસારભાવમાં જીવના પરિણામ જ વ્યાપ્યવ્યાપક થયા છે. તેથી તે પરિણામને જ નિશ્ચયથી અશુદ્ધભાવનો કર્તા કહેવામાં આવે છે. વળી નિશ્ચયથી દ્રવ્યને સંસારનો કર્તા કહેવામાં આવે તોપણ કોઈ દૂષણ નથી પણ જ્ઞાનદૃષ્ટિમાં જીવદ્રવ્યને સંસારનો અકર્તા સદા સમજીએ છીએ. ૧૩૬.

(શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૨૪)

● આ ચૈતન્ય-આત્માનું સ્વરૂપ ખરેખર જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મથી ભિન્ન, રાગાદિ ભાવકર્મોથી રહિત અને શરીરાદિ નોકર્મથી રહિત છે, તેને યથાર્થ જાણવું જોઈએ. ૧૩૭. (શ્રી પરમાનંદસ્તોત્ર, શ્લોક-૮)

● બંધા હોવે વહ છૂટે, ઈસલિયે બંધેકો તો મોક્ષ કહના ઠીક હૈ, ઔર બંધા હી ન હો, ઉસે છૂટા કૈસે કહ સકતે હૈ ? ઉસીપ્રકાર યહ જીવ શુદ્ધનિશ્ચયનયકર બંધા હુઆ નહીં હૈ, ઈસ કારણ મુક્ત કહના ઠીક નહીં હૈ, બંધ ભી વ્યવહારનયકર ઔર મુક્તિ ભી વ્યવહારનયકર હૈ. શુદ્ધનિશ્ચયનયકર ન બંધ હૈ ન મોક્ષ હૈ ઔર અશુદ્ધનયકર બંધ હૈ, ઈસલિયે બંધકે નાશકા યત્ન ભી અવશ્ય કરના ચાહિયે. યહાં યહ અભિપ્રાય હૈ કિ સિદ્ધ સમાન યહ અપના શુદ્ધાત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં લીન પુરુષોંકો ઉપાદેય હૈ, અન્ય સબ હેય હૈં. ૧૩૮.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.૧, ગાથા-૬૮)

● અનેક પ્રકારના વિલાસવાળા કર્મો સાથે મારી એકતા હોવા છતાં પણ જે ઉત્કૃષ્ટ જ્યોતિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ઉત્કૃષ્ટ આનંદસ્વરૂપ છે તે જ હું છું, તેના સિવાય હું બીજું નથી, બરાબર પણ છે– સ્ફટિકમણિમાં કાળા પદાર્થના સંબંધથી કાળાશ ઉત્પન્ન થવા છતાં પણ તે, તે મણિથી ભિન્ન જ હોય છે. કારણ એ છે કે લોકમાં જે કોઈ વિકાર થાય છે તે બે પદાર્થોના નિમિત્તે જ થાય છે.૧૩૯.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી, પંચવિંશતિ, પરમાર્થવિંશતિ, શ્લોક-૭)

● આત્મા આત્મામાં નિજ આત્મિકગુણોથી સમૃદ્ધ આત્માને–એક પંચમભાવને–જાણે છે અને દેખે છે, તે સહજ એક પંચમભાવને એણે છોડ્યો નથી જ અને અન્ય એવા પરભાવને કે જે ખરેખર પૌદ્ગલિક વિકાર છે તેને એ ગ્રહતો નથી જ. ૧૪૧. (શ્રી પદ્મપ્રભમલધારિદેવ, નિયમસાર ટીકા, શ્લોક-૧૨૯)

વર્ષ–૨૦
અંક–૫




વિ. સંવત
૨૦૮૨
January
A.D. 2026



## પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગાથા-૮૦ ના પ્રવચનમાંથી)



### અર્હંતના સ્વરૂપને જાણતા પોતાના આત્મસ્વરૂપને જાણે છે.

અંતર અનુભવ વખતે જ્ઞાનસ્વરૂપ આત્માને પામે છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે :—“દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.”

આમાં ‘કેવળ’ ઉપર ખાસ વજન છે. શરીરાદિ તો નહીં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય કે કર્તા, કર્મ, ક્રિયા—એવા ભેદ પણ નહીં. માત્ર ચૈતન્યપિંડ એકરૂપ વસ્તુનું જ ધ્યાન વખતે અગર સમ્યગ્દર્શન વખતે વર્તે છે. તેને સમ્યગ્દર્શન, પ્રથમ ધર્મ કહે છે. તેને પાંચમી કરણલબ્ધિ પૂરી થઈ. સમ્યગ્દર્શન થયું—એમ કહેવામાં આવે છે.

સામાન્ય દીવાનો પ્રકાશ અસ્થિર હોય છે પણ મણિનો પ્રકાશ નિર્મળ ને અકંપ એટલે હલેચલે નહીં તેવો હોય છે ને અંધકારનો નાશ કરે છે. તેમ સમ્યગ્દષ્ટિ જીવને નિર્વિકલ્પ પરિણતિ થઈ હોવાથી મોહનો નાશ થાય છે. મિથ્યાત્વની પર્યાય પહેલાં થતી તેને હવે કોઈનો આશ્રય ન રહ્યો તેથી મોહ જરૂર નાશ પામે છે. અહીં પ્રલય શબ્દ પુરુષાર્થની ઉગ્રતા બતાવે છે. આવી રીતે આચાર્ય ભગવાન કહે છે કે મોહની સેનાને જીતવાનો ઉપાય મેં મેળવ્યો છે.

અર્હંત ભગવાનનો આત્મા ને પોતાનો આત્મા નિશ્ચયથી સમાન છે. પોતાની વર્તમાન અવસ્થા હીણી છે તે વાત અહીં ગૌણ છે. અર્હંત ભગવાનને મિથ્યાત્વ, રાગ-દ્વેષ,

| શ્રી સીમંધર જિન-સ્તુતિ | સીમંધર જિનદેવ, નગર પુંડરગિરિ સોહૈ,<br>વંદહિ સુર-નર-ઇન્દ્ર, દેખિ ત્રિભુવન મન મોહે; | વિદેહક્ષેત્રસ્થ જિન-વિંશતિકા |
|---|---|---|

સર્વથા ટળી ગયા છે તેથી તેમનું સ્વરૂપ સ્પષ્ટ છે. અર્હંતના સ્વરૂપને મુમુક્ષુ જીવ પ્રથમ મન વડે દ્રવ્ય, ગુણ, પર્યાયથી જાણે છે પછી પોતાના આત્માને દ્રવ્ય, ગુણ, પર્યાય વડે મનથી ખ્યાલમાં લે છે. આ ચિત્તશુદ્ધિ છે. આ સમ્યગ્દર્શન થવા પહેલાનો વ્યવહાર છે. આટલી વાત ન જાણે તો તેનામાં ધર્મ પામવાની યોગ્યતા નથી. જેમ હીરાનો હાર રૂા. પાંચમાં મળતો નથી પણ પાંચ લાખની કિંમત આપવાથી મળે છે, તેમ ચૈતન્ય હીરાને પ્રાપ્ત કરવા માટે પોતે યોગ્ય પુરુષાર્થ કરવો જોઈએ, થોડા પુરુષાર્થથી કામ ચાલે નહીં.

અર્હંતના સ્વરૂપને જાણતાં પોતાના આત્માના સ્વરૂપને જાણે છે. અર્હંતના સ્વરૂપને જાણતાં નવ તત્ત્વ વગેરેનું યથાર્થ જ્ઞાન થાય છે.

૧) જીવને જીવ-જ્ઞાનસ્વરૂપ—જાણે પણ જીવ બીજાનું કરે તેમ માને નહીં.

૨) અજીવને અજીવસ્વરૂપ જાણે પણ અજીવ જીવને લાભ કરે તેમ માને નહીં.

૩) પુણ્યને પુણ્ય જાણે પણ પુણ્ય કરતાં કરતાં ધર્મ થશે તેમ માને નહીં.

૪) પાપને પાપ જાણે પણ પાપને સુખનું કારણ માને નહીં.

૫-૬) પુણ્ય-પાપ બંને આસ્રવ ને બંધ છે એમ જાણે પણ પુણ્યાસ્રવ ઠીક છે, પાપાસ્રવ અઠીક છે—એમ આસ્રવમાં ભેદ કરે નહીં.

૭) સ્વભાવ સન્મુખ થવું ને અશુદ્ધિથી અટકવું તેને સંવર માને પણ બહારની શરીરની ક્રિયાથી સંવર માને નહીં.

૮) સ્વભાવમાં અંશે શુદ્ધિની વૃદ્ધિ ને અંશે અશુદ્ધિનું ટળવું તેને નિર્જરા માને પણ બહારના પદાર્થોના ત્યાગથી નિર્જરા માને નહીં.

૯) સ્વભાવમાં પરિપૂર્ણ શુદ્ધિ થવી તેને મોક્ષ માને પણ શરીર છૂટ્યું માટે મોક્ષ થયો એમ માને નહી.

આમ નવેને પૃથક્ પૃથક્ યથાર્થ સ્વતંત્ર જાણે છે, તથા ચાર નિક્ષેપોનું પણ યથાર્થ જ્ઞાન થાય છે.

૧) બીજા પદાર્થોથી જુદો પાડવો સંજ્ઞા આપી પદાર્થને ઓળખવો તે નામ નિક્ષેપ છે.

૨) ભગવાનને મૂર્તિમાં સ્થાપના કરી મૂર્તિને ભગવાન કહેવા તે સ્થાપના નિક્ષેપ છે.

૩) ભાવિ કે ભૂતકાળની યોગ્યતાથી વર્તમાનમાં પદાર્થને ઓળખવો તે દ્રવ્ય નિક્ષેપ છે.

વૃછ-લચ્છન પ્રભુ ચરન સરન, સબહીકો રાખહિં,
તરહુ તરહુ સંસાર સત્ય, સત યહૈ જુ ભાખહિં;

૪) ચાલુ વર્તમાનકાળની યોગ્યતાથી પદાર્થને ઓળખવો તે ભાવનિક્ષેપ છે.

નામ નિક્ષેપ તે સ્થાપના આદિ નિક્ષેપ નથી, સ્થાપના તે બીજા નિક્ષેપરૂપ નથી— એમ દરેકે દરેક નિક્ષેપ સ્વતંત્ર યથાયોગ્ય જાણે છે.

આવા દ્રવ્ય, ગુણ, પર્યાયનું, નિક્ષેપનું, નવતત્ત્વનું પૃથક્ પૃથક્ યથાર્થ સ્વરૂપ કહેનારાં ને સર્વથા રાગદ્વેષ ટળ્યા છે. તે જ સાચા દેવ છે. તેવું યથાર્થ સ્વરૂપ કહેનારાં તે સાચા ગુરુ છે, ને તેવું જ યથાર્થ સ્વરૂપ બતાવનારાં હોય તે સાચા શાસ્ત્ર છે. આમ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું પણ યથાર્થ જાણપણું થાય છે.

જીવોને બહારના ત્યાગની મહિમા આવે છે. પણ અંતરવલણ સ્વભાવ સન્મુખ થઈ, સ્વ તરફની રુચિ કરી, પર તરફની ગૃદ્ધિ છોડીને મિથ્યાત્વ મંદ કરે છે તે દશા તે ત્યાગ, વૈરાગ્ય છે તેનો મહિમા આવતો નથી.

તીવ્ર અજ્ઞાનદશામાં નવે તત્ત્વોને પૃથક્-પૃથક્ ન જાણતાં બે તત્ત્વોને એક કરી નાખતો તે હવે પૃથક્-પૃથક્ જેમ છે તેમ જાણે છે તેથી એટલા અજ્ઞાનનો ત્યાગ કર્યો છે. પહેલાં નય, નિક્ષેપ, પ્રમાણનું અજ્ઞાન હતું અને સત્ દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપનું અજ્ઞાન હતું, તે અજ્ઞાન ટાળ્યું ને વિકલ્પ દ્વારા જ્ઞાન કર્યું એટલા અજ્ઞાનનો ત્યાગ કર્યો છે.

સ્થૂળ અજ્ઞાનદશામાં વિરુદ્ધજ્ઞાન, ને વિરુદ્ધજ્ઞાનના કહેનારા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર તરફ રુચિ થતી હતી તે રુચિ ફરીને સાચા તત્ત્વો અને સાચા તત્ત્વના કહેનારા સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ વળ્યો તે જ વિરુદ્ધજ્ઞાનનો ત્યાગ ને વિરુદ્ધ રાગનો ત્યાગ છે. સ્થૂળ અજ્ઞાનદશામાં શરીર તથા પરનું કરી શકું છું—એવી માન્યતાથી વીર્ય પરમાં અટકતું ને ખંડિત થતું પણ વ્યવહાર સત્યજ્ઞાન થતાં સ્વને વિકલ્પથી જાણવામાં વીર્ય રોકાયું—એકાગ્ર થયું તેટલા ઉંધા પુરુષાર્થનો ત્યાગ છે.

આ વ્યવહાર છે, વિકલ્પાત્મકદશા છે, તેમાં ઘણું વીર્ય જોઈએ છે છતાં તે સમ્યગ્દર્શન કે ધર્મ નથી, વિકલ્પનો અભાવ કરશે ત્યારે સમ્યગ્દર્શન થશે, પણ જે જીવને નવ તત્ત્વ વગેરેમાં અજ્ઞાન વર્તે છે. તેને વ્યવહારનાં કે ધર્મ પામવાની લાયકાતનાં કે ચિત્તશુદ્ધિના પણ ઠેકાણા નથી. ઉપર કહ્યા પ્રમાણે પોતાના ત્રિકાળી આત્માને મનથી યથાર્થ જાણી લીધા પછી આત્માનો અનુભવ કેમ કરવો તે કહે છે.

છૂટા છૂટા મોતી અને ધોળાશને હારમાં અંતર્ગત કરીને કેવળ હારને જાણે છે.

**શ્રેયાંસરાયકુલ-ઉદ્ધરન, વર્તમાન જગદીશ જિન,**
**સમભાવ સહિત ભવિજન નમહિં, ચરણ ચારુ સંદેહ વિન. ૧**

ઝૂલતા હારમાં મોતી ને ધોળાશ જુદાં નથી પણ હાર લેતી વખતે મોતી અને ધોળાશને વિકલ્પ દ્વારા જુદો પાડતો તે વિકલ્પનો અભાવ કરી માત્ર હાર પહેર્યાનું સુખ અનુભવ કરે છે—તે કથનને મોતી તથા ધોળાશને હારમાં અંતર્ગત કર્યા એમ કહેવામાં આવે છે.

તેવી રીતે આત્માના પર્યાયોને અને ચૈતન્યગુણને કેવળ આત્મામાં જ અંતર્ગર્ભિત કરીને આત્માને જાણે છે ત્યારે આત્મા પોતે પરિણામી, પરિણામ થયા તે પરિણામ, ને એક પરિણામ પછી બીજા પરિણામનું થવું તે પરિણતિ—એવા ત્રણ ભેદોનો નાશ કરી જીવ પોતાના જ્ઞાનપ્રમાણ આત્માને અનુભવે છે. અહીં પર્યાયો તથા ગુણને દ્રવ્યમાં અંતર્ગત કરવાનું કહ્યું છે તો પર્યાયોને કેવી રીતે અંતર્ગત કરવા ? વિકલ્પવાળા પર્યાયને શી રીતે અંતર વાળવી ? નવો પર્યાય થાય તેને શી રીતે વાળવો ? સમ્યગ્દર્શન થતાં નિર્મળ પર્યાય થાય તે તો સ્વભાવમાંથી આવ્યો છે તેને શું સમાડવો ?

સમાધાન : વિકલ્પ દ્વારા આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાયો છે—એમ તે પોતામાં ભેદ પાડતો હતો. વસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ત્રણ ભેદ કે કટકા નથી, ત્રણે અંતર્ગર્ભિત જ છે, પણ રાગ દ્વારા જે ભેદનો વિચાર કરતો હો, લક્ષમાં જુદા જુદા ત્રણ સ્વરૂપે જોતો હતો પરંતુ અંતર સ્વભાવમાં એકાગ્ર થતાં નિર્મળ પર્યાય પ્રગટે છે તે દ્રવ્ય સાથે અભેદ થાય છે. વિકલ્પવાળો પર્યાય પ્રગટ થઈ બીજે સમયે તો વ્યયરૂપ થઈ ગયો, તેને પાછો વાળવાનો રહેતો નથી પણ સ્વરૂપમાં અભેદ થતાં તે પર્યાયને સ્વભાવ તરફ વાળ્યો—સમાડવાનો નથી પણ તે પ્રગટ થયો ત્યારે દ્રવ્ય સાથે અભેદ જ છે તેને દ્રવ્યમાં સમાડી દીધો—એમ કથન કરવામાં આવે છે. પર્યાયનો ક્રમ કરતો નથી. પણ વલણ જે રાગમાં હતું તે વલણ ફરે છે. દૃષ્ટિ ફરી દ્રવ્યદૃષ્ટિ થઈ તે અંતર અનુભવ થયો.

વાહનમાં બેસીને કોઈ સગા આવે તો કોણ સગા આવ્યા તે જોવા માગે છે પણ કોના વાહનમાં ને કેવા વાહનમાં બેસીને આવ્યા તે કોઈ જોતું નથી. તેમ આચાર્ય ભગવાનને કહેવાનો ભાવ શું છે તે ભાવ બરાબર જ્ઞાનમાં પકડવો જોઈએ. વ્યવહારની ભાષાનાં કથન સામું જોવાનું નથી. વસ્તુસ્થિતિનો ખ્યાલ કરે તો ભાષા નિમિત્ત કહેવાય.

વાસનાને અંતર્ધાન કરવાનું શાસ્ત્રમાં લખ્યું છે તો શું વાસના અંદર જતી હશે ? એ તો નિમિત્તના કથનો છે. પોતે પહેલાં રાગમિશ્રિત વિચારથી આત્મા તરફ જોતો હતો તે હવે નિર્વિકલ્પપણે આત્મા તરફ ઢળ્યો તેને વિકલ્પનો આશ્રય છૂટ્યો—તેને પર્યાય અંતર્લીન થયો—એમ કહેવામાં આવે છે. પર્યાય તો એક પછી એક ચાલુ જ છે. તેમાં ક્યાં પર્યાયને વાળીને પાછી લાવવી કે સમાડવી ? પહેલાં દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૪૪-૪૫, ગાથા - ૪૦)

આ ૩૯ ગાથામાં ધર્મીના લક્ષણ બતાવ્યાં કે ધર્મીને આખું જગત ઈન્દ્રજાળ સમાન લાગે છે, એક નિજાત્મ અનુભવમાં જ રુચિ છે તેથી તેના માટે પ્રયત્ન કરે છે, પરથી ઉદાસ છે છતાં કદાચ પરમાં વિકલ્પ જાય છે તો પશ્ચાત્તાપ કરે છે. ધર્મીના આ લક્ષણ ઉપરાંત બીજા લક્ષણો હવે ૪૦મી ગાથામાં મુનિરાજ કહે છે.

इच्छत्येकान्तसंवासं निर्जनं जनितादरः ।
निजकार्यवशात्किंचिदुक्त्वा विस्मरति द्रुतं ।।४०।।

ચાહે ગુપ્ત નિવાસને, નિર્જન વનમાં જાય,
કાર્યવશ જો કંઈ કહે, તુર્ત જ ભૂલી જાય. ૪૦

આ નાના બાળકોને પણ સમજવા જેવી વાત છે. બાળક પણ ભગવાન છે. બાળકપણું એ તો જડ શરીર માટી છે. બાળક, વૃદ્ધ, સ્ત્રી, નપુંસક આદિ બધા આત્મા સચ્ચિદાનંદ પરમાત્મા છે. કોઈના આત્મામાં કાંઈ ફેર નથી. આત્માની ઓળખાણ અને શ્રદ્ધા કરી એકાંતમાં તેમાં એકાગ્ર થવાનો અભ્યાસ કરવો એ એક જ આ મનુષ્યભવમાં કરવા યોગ્ય કાર્ય છે.

નિર્જનતાને ચાહવાવાળા યોગી એકાંતવાસની ઈચ્છા કરે છે. નિર્જનતા એટલે જ્યાં મનુષ્ય કે પશુનો અવાજ પણ ન હોય એવા એકાંતસ્થાનમાં ધર્મી અંતર જ્ઞાનાનંદ સ્વરૂપમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરે છે અને તેમાં કોઈ કાર્યવશ કાંઈ વિકલ્પ આવે અને બોલે તોપણ તેને તરત જ ભૂલી જાય છે. સ્ત્રી, પુત્ર, ધન આદિનો લોભી સ્વાર્થવશ મંત્ર-તંત્રાદિ પ્રયોગ કરાવવા દોડ્યા ન આવે એ માટે યોગી એવો એકાંતવાસ પસંદ કરે છે કે જ્યાં કોઈ માણસ આવે નહિ અને પોતાના હિતનું કાર્ય શાંતિપૂર્વક થાય.

## સંતોની જગતથી નિરાળી ચાલ

આત્માને હિતકારી એવો ઈષ્ટ ઉપદેશ ચાલી રહ્યો છે. જેને પોતાનું હિત કરવું છે તેણે પ્રથમ શું કરવું ? કે—પોતાના અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માને ઓળખવો અને

પરદ્રવ્ય તથા પરભાવની ઉપેક્ષા કરવી.

પ્રથમ આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને અનુભવ કરી લીધા પછી ધર્મીની દશા કેવી હોય તેની વિશેષ વાત આ ગાથામાં કરે છે.

નિર્જનતાને ચાહવાવાળા યોગી-ધર્મી એકાંતવાતની ઈચ્છા કરે છે અને નિજ કાર્યવશ કાંઈ કહે તોપણ તેને તુરત ભૂલી જાય છે.

જેને એક પોતાના આત્માનુભવની રુચિ લાગી છે એવા જઘન્ય સમ્યગ્દષ્ટિને પણ એવી ભાવના રહે છે કે હું જેમ બને તેમ પ્રવૃત્તિથી દૂર રહું. ધર્માત્મા પોતાના આત્માનુભવના પ્રયત્ન માટે એવું એકાંતસ્થાન પસંદ કરે છે કે જ્યાં લોકો તેને મંત્ર-તંત્ર આદિ ચમત્કારના પ્રશ્નો પૂછવા ન આવે.

લોકો તો પોતાના મતલબથી કોઈ પુત્ર પ્રાપ્તિ માટે, કોઈ ધન પ્રાપ્તિ માટે, આબરૂ માટે, અલાભથી બચવા માટે અનેક જાતના પ્રશ્નો પૂછવા કે મંત્ર-તંત્રાદિ માટે ધર્માત્મા પાસે આવ્યા કરે, તે ન આવે અને પોતે એકાંતમાં પોતાનું ધ્યાન કરી શકે એ માટે ધર્માત્મા—યોગી સ્વભાવથી જ જનશૂન્ય એવા પહાડોની ગુફા, કંદરા આદિમાં એકલા અથવા ગુરુના સંગમાં રહેવા ઈચ્છે છે.

ધ્યાન કરવાથી યોગીને લોકોને ચમત્કાર લાગે તેવા અતિશયો પ્રગટ થઈ જાય છે પણ યોગી તેમાં પોતાનું હિત માનતા નથી. લોકોને ઉપદેશ આપવાથી મારું હિત થશે કે નિર્જરા થશે એવું પણ ધર્મી માનતા નથી કેમકે ઉપદેશમાં વાણી છે તે તો જડ છે અને ઉપદેશ દેવાનો વિકલ્પ છે તે શુભભાવ છે. તેનાથી પોતાનું હિત થતું નથી, માત્ર પુણ્ય બંધાય છે. છતાં ઉપદેશ દેવાનો વિકલ્પ આવી જાય છે તે જુદી વાત છે, તેમાં લાભ માનીને ધર્મી તેમાં અટકી જતા નથી.

ધર્મી એવો ઉપદેશ કરે છે કે હે જીવો ! તમે અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ છો તેની સન્મુખતા કરો અને વિભાવથી વિમુખતા કરો ! પોતાને વિકલ્પ આવી જાય છે તો આવો ઉપદેશ આપે છે પણ પોતાને ધ્યાનમાં ત્રાટક લગાવવાથી કોઈ અતિશય ઉત્પન્ન થયા હોય તે કોઈને બતાવતા નથી કે કોઈ પૂછે તોપણ કહેતા નથી.

પોતાના સ્વભાવમાં ત્રાટક લગાવવાથી એટલે કે એકાગ્રતા કરવાથી આત્મામાં જે

**દુંદુંભિ સુદ્ધાર બાજૈ, સુનત મિથ્યાત્વ ભાજૈ,**
**વિરાજૈ જગમેં જિનકીરતિ નિહારિયે.**

શાંતિ પ્રગટ થાય છે તેની પાસે ધર્મીને ચમત્કાર કે અતિશયોની કોઈ કિંમત નથી.

શ્રોતા : જ્ઞાની દુનિયામાં પ્રભાવના થાય એ માટે તો ઉપદેશ આપવામાં રોકાય કે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી : પ્રભાવના કહેવી કોને ? કે પોતાના શુદ્ધ આનંદકંદ ચૈતન્યધામમાં લીનતા કરવી તે જ ખરી પ્રભાવના છે. પ્રભાવનાનું કથન બે પ્રકારે થાય છે. નિશ્ચય પ્રભાવના અને વ્યવહાર પ્રભાવના, પણ તેમાં સત્ય પ્રભાવના તો લીનતા કરવી તે જ છે, તેની સાથે બીજા જીવોને ઉપદેશ દેવાના ભાવ તે વ્યવહાર પ્રભાવના છે, તેનાથી તો બંધ પડે છે અને બીજા જીવો આ ઉપદેશના નિમિત્તે સમજે છે તે તો પોતાના ઉપાદાનથી સમજે છે. માટે પોતાને તો શુદ્ધ ચિદાનંદમૂર્તિ ભગવાન આત્મામાં જેટલી એકાગ્રતા થાય તેટલો જ લાભ છે તે સિવાય તીર્થંકર પ્રકૃતિનો બંધ જે ભાવથી થાય તે ભાવ પણ લાભદાયક નથી. તે ભાવનો કર્તા આત્મા નથી તો ઉપદેશનો—વાણીનો કર્તા આત્મા કેવી રીતે થાય ?

મુનિને પોતાના શરીર માટે અવશ્ય કરવા યોગ્ય જે ભોજનાદિ છે તે વિષે થોડું શ્રાવકો સાથે બોલવું પડે તો મુનિ બોલે છે, પણ તે જ ક્ષણે પાછા ભૂલી જાય છે. મુનિ માટે બનાવેલો આહાર હોય તો મુનિ લે નહિ. અમુક પ્રકારની વિધિ હોય તો જ મુનિ આહાર લે એવું શ્રાવકોને કહેવું પડે તો કહે પણ પછી તરત ભૂલી જાય છે.

ધર્માત્મા સાચા સ્વાર્થી છે કે જેને એક સ્વ-અર્થ એટલે કે પોતાનું પ્રયોજન એક વીતરાગતા છે તે જેમાં સદાય તેમાં જ તે લાભ માને છે અને વીતરાગતા વધે તેવું જ કાર્ય કરે છે. લાખવાતની એક વાત કે મુનિને એક વીતરાગતાનું જ પ્રયોજન છે. તેથી વીતરાગતા સિવાયની બધી વાતો મુનિ તુરત ભૂલી જાય છે. પંચમહાવ્રતાદિના વિકલ્પ કે ઉપદેશ આપવાનો શુભ વિકલ્પ મુનિને આવી જાય પણ તેમાં કર્તાબુદ્ધિ કે લાભબુદ્ધિ નથી તેથી વિકલ્પમાં મુનિ અટકતા નથી. જે બંધભાવ છે તેને મુનિ રાખવા માગતા નથી તેથી તરત ભૂલી જાય છે.

અહાહા ! આવો મારગ છે ભાઈ ! અન્ય માર્ગ અને આ માર્ગમાં ઉગમણો-આથમણો ફેર છે. (ક્રમશઃ) ❋

તિહુંલોક ધ્યાન ધરૈ નામ લિયે પાપ હરૈ,
કરૈ સુર કિન્નર તિહારી મનુહારિયે;



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## સ્વમાં ઉપયોગ વખતે અબુદ્ધિપૂર્વક વિકલ્પ હોવા છતાં નિર્વિકલ્પપણું કેમ કહ્યું?

## અનુભવનો અચિંત્ય મહિમા, અને તેની પ્રેરણા

“પ્રશ્ન :—જો નિર્વિકલ્પ–અનુભવમાં કોઈ વિકલ્પ નથી તો શુક્લધ્યાનનો પ્રથમ ભેદ જે પૃથક્ત્વ–વિતર્ક–વિચાર કહ્યો છે તેમાં પૃથક્ત્વ વિતર્ક–વિચાર એટલે અનેક પ્રકારના શ્રુત અને વિચાર, અર્થાત્ અર્થ–વ્યંજન અને યોગનું સંક્રમણ–એમ કેમ કહ્યું?

ઉત્તર :—કથન બે પ્રકારે છે–એક સ્થૂલરૂપ છે અને બીજું સૂક્ષ્મરૂપ છે. જેમ સ્થૂળપણે તો છઠ્ઠા જ ગુણસ્થાને સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રત કહ્યું અને સૂક્ષ્મપણે નવમા સુધી મૈથુનસંજ્ઞા કહી; તેમ અહીં અનુભવ વિષે નિર્વિકલ્પતા સ્થૂળરૂપે કહીએ છીએ, પરંતુ સૂક્ષ્મરૂપે પૃથક્ત્વવિતર્ક–વિચાર આદિક ભેદમાં અથવા દશમા ગુણસ્થાન સુધી કષાયાદિક કહ્યા છે. જે પોતાને કે અન્યને જાણવામાં આવે એવા ભાવનું કથન સ્થૂળ સમજવું, અને જે પોતે પણ ન જાણે, કેવળી ભગવાન જ જાણે એવા ભાવોનું કથન સૂક્ષ્મ જાણવું. તેમાં ચરણાનુયોગ વગેરેમાં સ્થૂળ કથનની મુખ્યતા છે. અને કરણાનુયોગ વગેરેમાં સૂક્ષ્મ કથનની મુખ્યતા છે. આવો ભેદ અન્યત્ર પણ જાણવો.

આ પ્રમાણે નિર્વિકલ્પ અનુભવનું સ્વરૂપ જાણવું.”

ઉપયોગ જ્યારે સ્વાનુભવમાં જોડાય ત્યારે નિર્વિકલ્પદશા કહેવામાં આવે છે, કેમકે તે વખતે ઉપયોગનું જોડાણ વિકલ્પમાં નથી, ઉપયોગ નિજસ્વરૂપમાં જ એકાગ્ર થયેલો છે. જોકે નિર્વિકલ્પ અનુભવ વખતેય સરાગી જીવને અંદર અબુદ્ધિપૂર્વક વિકલ્પો તો છે, રાગનું કાર્ય વિકલ્પ છે તે ત્યાં પડ્યો છે, પણ ઉપયોગ તેમાં નથી, અને તે એવો સૂક્ષ્મ છે કે તે પોતાને કે બીજાને સ્થૂળ જ્ઞાનીને ખ્યાલમાં આવી શકતો નથી, સામાન્ય છદ્મસ્થને ખ્યાલમાં આવે તેવા સ્થૂળ વિકલ્પ ત્યાં નથી, તેથી સ્થૂળ કથનમાં ત્યાં નિર્વિકલ્પતા જ કહેવામાં આવે છે. જે સૂક્ષ્મ વિકલ્પ કે કષાય ત્યાં વિદ્યમાન છે તે અબુદ્ધિપૂર્વક છે અને સર્વજ્ઞને કે અવધિ–મનઃપર્યયજ્ઞાનીને જ ગમ્ય છે. મતિ–શ્રુતજ્ઞાની

> ભૂપતિ　સુદંઢરાય　વિજયા　સુ　તેરી　માય,
> પાય　ગજ　લચ્છન　જિનેશકો　નિહારિયે. ૨

આગમથી કે અનુમાનથી તેનું વિદ્યમાનપણું નક્કી કરી શકે, પણ સીધું ન જાણે. કરણાનુયોગના સૂક્ષ્મ કથનની અપેક્ષાએ તો દશમા ગુણસ્થાન સુધી કષાયના અંશનો કે વિકલ્પનો સદ્ભાવ કહ્યો છે, પણ તે સામાન્ય જીવોને ગમ્ય નથી માટે તેનું કથન સૂક્ષ્મકથનમાં કર્યું, અને સામાન્યપણે ત્યાં નિર્વિકલ્પતા કહી. એ જ રીતે પૃથક્ત્વ–વિતર્ક–વિચાર નામનું પ્રથમ શુક્લધ્યાન આઠમાથી બારમા ગુણસ્થાને હોય છે ત્યાં સૂક્ષ્મપણે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાય વગેરેમાં યોગનું સંક્રમણ હોય છે; દશમા સુધી સૂક્ષ્મપણે રાગનો વિકલ્પ પણ હોય છે, પરંતુ એક તો તે સામાન્ય જીવોને ગમ્ય નથી, અને બીજું ત્યાં સ્વાનુભવની જ મુખ્યતા છે, માટે અબુદ્ધિપૂર્વકના સૂક્ષ્મવિકલ્પને ગૌણ કરીને ત્યાં નિર્વિકલ્પપણું કહ્યું છે. આ રીતે મુખ્ય–ગૌણ કરીને કથન કરવાની શાસ્ત્રની પદ્ધતિ છે. એકેક સમયના સૂક્ષ્મ પરિણામનું કથન કરવા જાય તો શાસ્ત્રનો પાર આવે નહિ ને જીવોને તે પકડાય પણ નહિ, એટલે જીવો હિત–અહિત સંબંધી જ્ઞાન કરીને પોતાનું પ્રયોજન સાધી શકે તે અનુસાર શાસ્ત્રોએ ૧૪ ગુણસ્થાન વગેરેનું કથન કર્યું છે; અત્યંત સૂક્ષ્મતાથી તો એકેક ગુણસ્થાનમાં પણ પરિણામોના અસંખ્ય પ્રકારો પડે છે. એટલે પ્રકરણ–અનુસાર ક્યાંક સ્થૂળકથન હોય છે ને ક્યાંક સૂક્ષ્મકથન હોય છે. સ્વાનુભવને નિર્વિકલ્પ કહ્યો છે તે સ્થૂળકથન છે; ને જ્યારે સૂક્ષ્મપરિણામ બતાવવા હોય ત્યારે ત્યાં જે સૂક્ષ્મપરિણામ કષાય વગેરે હોય તેનું પણ કથન કરે. અહીં એટલું વિશેષ જાણવું કે પૃથક્ત્વવિતર્કવિચાર વગેરેમાં સ્વાનુભવ વખતે પણ જે વિતર્ક–વિચાર કહ્યા છે તે સ્વમાં ને સ્વમાં જ છે, કાંઈ સ્વમાંથી ઉપયોગ છૂટીને પરમાં જાય–એવું સ્થૂળ સંક્રમણ ત્યાં નથી. સ્વાનુભવ વખતે ઉપયોગ તો સ્વજ્ઞેયમાં જ છે; પણ જ્યાંસુધી વીતરાગભાવ પૂરો નથી થયો ને કષાયનો અત્યંત સૂક્ષ્મ અંશ પણ બાકી છે ત્યાં સુધી પરિણામમાં એટલી ચંચળતા છે. તથા ૧૧–૧૨ ગુણસ્થાને રાગ ન હોવા છતાં હજી શ્રુતઉપયોગમાં એટલી ચંચળતા છે.

ચરણાનુયોગમાં સામાન્યપણે એમ કહેવાય કે મુનિ સર્વથા અપરિગ્રહી છે; પણ કરણાનુયોગ અંદરના સૂક્ષ્મ પરિણામ બતાવવા એમ કહે કે દશમા ગુણસ્થાન સુધી પરિગ્રહ (અંદરનો સૂક્ષ્મ લોભ) છે; આમ વિવક્ષાઅનુસાર બંને કથન સાચાં છે, તેમાં કાંઈ વિરોધ નથી. ઉપરના ગુણસ્થાને જે સૂક્ષ્મલોભાદિ પરિણામ છે તેનું કાર્ય બહારમાં સ્થૂળપણે દેખાતું નથી–બહારમાં વસ્ત્રાદિ ગ્રહણ હોતું નથી તેથી સ્થૂળ વિવેચનમાં તેનો

| શ્રી બાહુ જિન-સ્તુતિ | પ્રભુ બાહુ સુગ્રીવ નરેશ પિતા, વિજ્યા જનની જગમેં જિનકી,<br>મૃગચિહ્ન વિરાજત જાસુ ધુજા, નગરી હૈ સુસીમા ભલી જિનકી, |
|---|---|

અભાવ ગણીને મુનિને નિષ્પરિગ્રહી કહ્યા. અને સૂક્ષ્મ કરણાનુયોગમાં ભૂમિકાઅનુસાર જે જે પરિણામ વર્તે છે તેનું જ્ઞાન પણ કરાવ્યું. સૂક્ષ્મ પરિણામ અપેક્ષાએ નવમા ગુણસ્થાને પણ વેદનો ઉદય કહ્યો એટલે ત્યાં પણ મૈથુનસંજ્ઞાનો સદ્ભાવ કહ્યો, પણ મુનિને સ્થૂળ પ્રવૃત્તિમાં કે બુદ્ધિપૂર્વકના પરિણામમાં તેનો અભાવ જ છે એટલે છઠ્ઠા ગુણસ્થાને પણ સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રત કહ્યું. દ્રવ્યાનુયોગમાં એમ કહે કે સમ્યગ્દષ્ટિ જીવ અબંધ છે—કેમકે શુદ્ધ અબંધસ્વભાવને દષ્ટિમાં લીધો છે; અને કરણાનુયોગ એમ કહે છે કે સમ્યગ્દષ્ટિને (ચોથા ગુણસ્થાને) ૭૭ કર્મપ્રકૃતિઓનું બંધન થાય છે. બંને પ્રકારનું જ્ઞાન કરવું જોઈએ. સમ્યગ્દષ્ટિને અબંધ કહ્યા ત્યાં તેની શુદ્ધદષ્ટિનું સ્વરૂપ સમજાવવું છે, તે દષ્ટિએ કેવો અબંધ શુદ્ધ આત્મા પ્રતીતમાં લીધો છે તે બતાવવું છે; અને જે રાગથી કર્મપ્રકૃતિઓ બંધાય છે તે રાગને પણ શુદ્ધસ્વભાવમાં તે સ્વીકારતા નથી, અને શુદ્ધદષ્ટિ બંધનું કારણ થતી નથી. આ રીતે સમ્યગ્દષ્ટિને દ્રવ્યાનુયોગમાં અબંધ કહ્યા, અને હજી ભૂમિકાઅનુસાર પોતાની પર્યાયમાં જેટલા રાગાદિ છે ને જેટલી કર્મપ્રકૃતિ બંધાય છે તેનું પણ અસ્તિત્વ કરણાનુયોગમાં બતાવ્યું. એ રીતે અહીં સ્વાનુભવમાં પણ, સૂક્ષ્મપણે ત્યાં અબુદ્ધિપૂર્વક વિકલ્પ વિદ્યમાન હોવા છતાં, ઉપયોગ નિજસ્વરૂપમાં જ છે ને બુદ્ધિપૂર્વકનો કોઈ વિકલ્પ નથી તેથી નિર્વિકલ્પપણું કહ્યું—એમ સમજવું.

આ પ્રમાણે નિર્વિકલ્પ અનુભવનું સ્વરૂપ ઘણા પ્રકારે સ્પષ્ટ કર્યું. સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાને પણ આવો અનુભવ થાય છે એ પણ ખાસ બતાવ્યું. આ રીતે સમ્યક્ત્વની અને સ્વાનુભવની અલૌકિક ચર્ચા કરી. જુઓ, સાધર્મીઓ અરસપરસ સમ્યગ્દર્શનની ને સ્વાનુભવની કેવી સરસ ચર્ચા કરે તે આ પત્રમાં દેખાય છે. ધર્માત્મા એકબીજાના સંગમાં હોય તે અનુભવની અલૌકિક ચર્ચા કરતા હોય છે. જેમ બે વેપારી ભેગા થાય તો વેપારની ને ભાવતાલની વાતો કરે, બે ચોર ભેગા થાય તો ચોરીની ચર્ચા કરે, તેમ બે ધર્મી ભેગા થાય તો સ્વાનુભવની વાતો કરે. જેને જે વાત પ્રિય લાગે તેનું જ તે ઘોલન કરે છે.

આ સમ્યક્ત્વની ને સ્વાનુભવની બહુ સરસ વાત છે...એને લક્ષગત કરતાં જન્મમરણ ટળી જાય એવી આ અલૌકિક વાત છે. આ 'સ્વાનુભવ'કળા એ જ સંસારસમુદ્રથી તરવાની કળા છે, બાકી બીજાં ભણતર આવડે તોયે ભલે ને ન આવડે તોયે ભલે. આ સ્વાનુભવ—કળાને જે નથી જાણતો તે ભલે બીજી અનેક કળાઓ જાણતા

શુભ કેવલજ્ઞાન પ્રકાશ જિનેશ્વર, જાનતુ હૈ સબકી જિનકી,
ગનધાર કહૈ ભવિ જીવ સુનો, તિહું લોકમેં કીરતિ હૈ જિનકી. ૩

હોય તોપણ સંસારસમુદ્રને તરી શકતો નથી, મોક્ષને માટે એની એક્કેય કળા કામ આવતી નથી. અને સ્વાનુભવની એક કળાને જે જાણે છે તેને ભલે બીજી કળા કદાચ ન આવડે તોપણ સ્વાનુભવના બળે તે સંસારને તરશે ને મોક્ષને સાધશે. સ્વાનુભવથી એને કેવળજ્ઞાનની એવી મહાવિદ્યા ખીલશે કે તેમાં જગતની બધીયે વિદ્યાનું જ્ઞાન સમાઈ જાય. અરે, આયુષ્ય ઓછું, બુદ્ધિની અલ્પતા ને શ્રુતનો તો પાર નહિ–તેમાં હે જીવ! તારે જે શીખવા જેવું છે કે જેનાથી આ ભવસમુદ્રને તરાય. બીજી આડીઅવળી વાતમાં પડ્યા વગર મૂળ પ્રયોજનભૂત એ વાતને જાણે કે જે જાણવાથી આત્મા આ સંસારસમુદ્રને તરી જાય. આ સંબંધમાં દૃષ્ટાંત : એક વેદીયા વિદ્વાન નૌકામાં બેસીને જતા હતા; વચ્ચે નાવિક સાથે વાત કરતાં કરતાં તેણે પૂછ્યું–કેમ નાવિક! તને સંગીત આવડે છે? નાવિક કહે—ના ભાઈ! પછી થોડી વારે પૂછ્યું–વ્યાકરણ આવડે છે? જ્યોતિષ આવડે છે? ગણિત આવડે છે? નાવિક તો કહે—ના......બાપુ! છેવટે પૂછ્યું–ભાઈ, લખતાં વાંચતાં તો આવડતું હશે! નાવિક કહે–ના રે બાપુ! અમારે તો ભલી આ નદી ને ભલી અમારી નૌકા...અમને તો આ પાણીમાં કેમ તરવું તે આવડે છે. પંડિતજી કહે–બસ, ત્યારે તો નાવિક ભાઈ! તમારી જીંદગી પાણીમાં ગઈ. અમે તો ન્યાય–વ્યાકરણ–સંગીત–કાયદા–જ્યોતિષ વગેરે બધું જાણીએ. નાવિક કહે–બહુ....સારું બાપા! અમારે તો અમારા કામથી કામ. હજી તો આમ વાત કરે છે ત્યાં તો જોરદાર વાવાઝોડું ઉપડ્યું ને નૌકા તો હાલકડોલક થતી તણાવા લાગી...ને ડુબી જશે એવું લાગ્યું; ત્યારે નાવિકે પૂછ્યું–શાસ્ત્રીજી મા'રાજ! તમને તરતાં આવડે છે કે નહીં? શાસ્ત્રીજી તો ગભરાઈ ગયા ને કહ્યું–ના... ભાઈ, બધું આવડે છે પણ એક તરતાં નથી આવડતું. નાવીક કહે–તમે બધું શીખ્યા પણ તરતા ન શીખ્યાં....આ નૌકા તો હમણાં ડૂબી જશે...મને તો તરતાં આવડે છે એટલે હું તો હમણાં તરીને સામે કાંઠે પહોંચી જઈશ...પરંતુ તમે તો આ નૌકા સાથે હમણાં ડૂબશો, તમે ને ભેગી તમારી બધીયે વિદ્યા પાણીમાં જશે. આ તો એક દૃષ્ટાન્ત છે. તેમ જેણે આ ભવસમુદ્રથી તરવું હોય તેણે સ્વાનુભવની વિદ્યા શીખવા જેવી છે. બીજું અપ્રયોજનભૂત જાણપણું ઘણું કરે પણ જો અંતરમાં સ્વભાવભૂત ચૈતન્યવસ્તુ શું છે તેને લક્ષગત ન કરે તો બહારનાં જાણપણા એને (વેદિયા વિદ્વાનની જેમ) સંસારથી તરવાના કામમાં નહિ આવે. અને જેણે બહારનો મહિમા છોડીને અંદરમાં ચૈતન્યવિદ્યાને સાધી છે તેને બહારની બીજી વિદ્યા કદાચિત્ ઓછી હોય તોપણ (નાવિકની જેમ) સ્વાનુભવની વિદ્યા વડે તે ભવસમુદ્રને તરી જશે ને ત્રણલોકમાં સૌથી શ્રેષ્ઠ એવી કેવળજ્ઞાનવિદ્યાના તે સ્વામી થઈ જશે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

હું જ્ઞાયક આનંદમૂર્તિ છું. તેની દૃષ્ટિ થઈ એટલે હું શિવપદરૂપ છું. આત્મા આનંદરસથી ભરેલો છે એનો અનુભવ થયો. સ્વરૂપમાં પ્રમોદ થવાથી શુદ્ધિ વધે છે—એમ કહ્યું છે, પણ વ્યવહાર કરતાં કરતાં શુદ્ધિ વધી જાય છે એમ કહ્યું નથી. આત્મપ્રમોદથી જેટલી શક્તિ વધી તેટલી શુદ્ધતા વધે છે. આત્મા ચિદાનંદ સ્વરૂપ છે, તેની જ અધિકાઈ ધર્મીને લાગી છે તે સમાધિ છે. ગ્રંથોને વિષે આવી સમાધિને અને ધર્મને ગાયો છે.

સ્વરૂપાનંદ પદ સમાધિથી થાય છે. અંતરમાં રાગ-દ્વેષને છોડી સ્વરૂપને જાણનારો થઈને સમાધિને પામે છે. વસ્તુનું સ્વરૂપ ગુણથી જણાય છે. વસ્તુ ત્રિકાળ છે. એમ ગુણ પણ ત્રિકાળ છે. માટે જ્ઞાન તે આત્મા, આનંદ તે આત્મા—એમ ગુણથી જણાય છે. વિકલ્પથી, પરથી, નિમિત્તથી આત્મા જણાતો નથી. ભગવાન આત્મા અનંત ગુણનો પુંજ છે, એની દૃષ્ટિ થવી તે સમ્યગ્દૃષ્ટિ છે. અજ્ઞાની પૈસાને દ્રવ્ય માને છે. એની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થતું નથી. ગુણોના સમૂહને દ્રવ્ય કહેલ છે. આત્મા જ્ઞાનાનંદમૂર્તિ છે, એને ભૂલીને પુણ્યથી ધર્મ માને તે જીવનો ઘાત કરે છે. તેને ધર્મ થતો નથી.

અનંત ગુણો અભેદ છે, એવી દૃષ્ટિ કરવી તે દ્રવ્યદૃષ્ટિ છે. એક વસ્તુ જેમ સોનું છે તેમાં પીળાશ-ચિકાશ-વજન આદિ અભેદ છે. પીળાશ જુદી રહે છે અને ચિકાશ જુદી રહે છે—એમ નથી. તેમ આત્મામાં જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણો અભેદ છે, પણ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજન અપેક્ષાએ ભેદ છે, પણ પ્રદેશભેદ નથી, વસ્તુ અભેદ છે.

વિતર્ક એટલે દ્રવ્યશબ્દના અર્થને ભાવવો. ભાવશ્રુતમાં સ્વરૂપ અનુભવકરણ કહ્યું, વિતર્ક શ્રુત કહેવાય છે. શ્રુતજ્ઞાનમાં હું શુદ્ધ છું—એવા શબ્દનો વિકલ્પ ઊઠે છે તે દ્રવ્યશ્રુત છે, કેમકે અહીં ગુણ-ગુણીભેદનો વિકલ્પ ઊઠે છે. દ્રવ્યશ્રુત હોય છે પણ તેને અનુભવનું કારણ કહેલ નથી. બાહ્યશ્રુત તો નિમિત્ત છે. શ્રુતજ્ઞાનનો વિકલ્પ ઊઠ્યો એનાથી પણ આત્માનો અનુભવ થતો નથી પણ તે વિકલ્પથી રહિત શુદ્ધ ચિદાનંદની

**શ્રી સુબાહુ જિન-સ્તુતિ**

શ્રી સ્વામી સુબાહુ ભવોદધિ તારન, પાર ઉતારન નિસ્તારં,
નગર અજોધ્યા જન્મ લિયો, જગમેં જિન કીરતિ વિસ્તારં;

દૃષ્ટિ થઈ, અંતર અવલંબન થયું તે ભાવશ્રુત છે, તે અનુભવનું કારણ છે. ભાવશ્રુત પહેલાં દ્રવ્યશ્રુત હોય છે ખરું, એને વ્યવહારથી શ્રુતજ્ઞાન કહેવાય છે.

જ્ઞાન તે આત્મા છે—એમ વિકલ્પ લક્ષમાં લે છે, માટે એને દ્રવ્યશ્રુત કહેવાય છે. ભાવશ્રુત આત્માનું અનુકરણ કરે છે, નિમિત્ત અને રાગનું અનુકરણ કરતું નથી. આ વાત સમજતાં અઘરી લાગે છે. સંસારમાં રુચિ હોય છે તેને સંસારની વાત અઘરી લાગતી નથી, તેમ જેને આત્માની રુચિ હોય એને આ વાત અઘરી લાગતી નથી. નિશ્ચયશ્રુતજ્ઞાન વિના વ્યવહારશ્રુતજ્ઞાન પણ કહેવાતું નથી. જ્ઞાનનો પર્યાય સ્વજ્ઞેયમાં અભેદ થયો તે ભાવશ્રુત છે. અમરપદનું કારણ આવી સમાધિ છે.


લોકો વાતો કરે છે કે ગિરનારની ગુફામાં ઘણા જોગી અમર થયા છે, મરતા નથી, તે બધી કલ્પનાઓ છે, એમ કોઈ અમર થતાં નથી. અમરફળ ખાવાથી અમર થાય—એમ પણ નથી. સમાધિથી અમર થવાય છે.

"અબ હમ અમર ભયે, ન મરેંગે."


આત્માનો વિચાર અનાદિ ભવભાવનાનો નાશ કરે છે. નિજદ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારથી પરનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને ન્યારાં જાણી દર્શન-જ્ઞાન વાનગીને પિછાણી, ચેતનમાં મગ્ન થવાથી, સિદ્ધદશાની શાંતિની વાનગી મળે છે. જેમ અનાજનો નમૂનો આપે એવો બધો માલ હોય છે, જેમ આત્મામાં જ્ઞાન-દર્શન ભરેલ છે, એની એક સમયની પર્યાયમાં નમૂનો—વાનગી છે, એને જોઈને આખો આત્મા એવો છે એમ નક્કી કરે છે.

હજુ જેને નિમિત્તથી ભેદજ્ઞાન કરતાં આવડતું નથી એને રાગથી ભેદજ્ઞાન થતું નથી. આત્માના લક્ષણ દ્વારા આત્માને પરથી જુદો જાણે તો તે વડે સારરૂપ પદને પામે અને સમાધિ થાય અને જેનો અપાર મહિમા છે. એવું પરમપદ પામે.

અનાદિથી પર ઈન્દ્રયજનિત આનંદ માનતો હતો તે મટ્યો, આત્માના અતીન્દ્રિય સુખનું ભાન થતાં આકુળતારૂપ દુઃખનો નાશ થયો. જ્ઞાનાનંદમાં સમાધિ થઈ, વસ્તુને વેદી આનંદ થયો, ગુણને વેદી આનંદ થયો, પરિણતિ વિશ્રામસ્વરૂપમાં લીન થઈ ત્યારે આનંદ થયો. એકદેશ સ્વરૂપાનંદ આવો છે. આ સાધકની વાત છે. એકદેશ સ્વભાવનો આનંદ આવો છે, એટલે આ ચોથા ગુણસ્થાનની વાત છે, અહીં કેવળીની વાત નથી. કેવળી-પૂર્ણદશા તો સર્વથા રાગાદિનો નાશ થતાં થાય છે, ત્યાં પૂર્ણાનંદ દશા હોય છે.




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ત્રીજી ઢાળ ગાથા ૪-૫-૬)

### જીવતત્ત્વ અને તેના ભેદોનું વર્ણન

હવે વીતરાગવિજ્ઞાનને જાણનારા અંતરાત્મા કેવા છે? સમયસારમાં તો કહે છે કે પોતાની જ્ઞાનચેતના સિવાય બીજા કોઈ ભાવને જરાપણ પોતાના માનતા નથી, પોતાને જ્ઞાનચેતનાપણે જ સદાય દેખે છે—અનુભવે છે, તે જ્ઞાની અંતરાત્મા છે, અને જીવ પોતે ભેદજ્ઞાન કરીને જ્યારે અંતરાત્મા થાય ત્યારે જ તે આવા અંતરાત્માને ખરેખર ઓળખી શકે છે. પોતે પોતાના આત્માનું સ્વસંવેદન કર્યા વગર એકલા અનુમાન વડે બીજા જ્ઞાનીધર્માત્માને પણ ઓળખી શકાતા નથી. એટલે આત્મા–અનાત્માનું ભેદજ્ઞાન કરીને જીવે પોતે અંતરાત્મા થવાની આ વાત છે. આત્માના સ્વરૂપને યથાર્થ જાણે તે અંતરાત્મા છે. આત્માનું સ્વરૂપ રાગથી ને દેહથી ભિન્ન છે. રાગ અને દેહનો નાશ થવા છતાં આત્મા તો પોતાના ચેતનસ્વભાવે સદા જીવંત છે, તેના કોઈ ધર્મનો નાશ થતો નથી. પોતાના આવા આત્માને અનુભવનારા અંતરાત્મા એ તો પરમાત્માના પાડોશી છે; બહિરાત્મપણું છોડીને એણે પરમાત્મા સાથે સંધિ જોડી છે, બહિરાત્મપણું છોડી, અંતરાત્મા થઈ પરમાત્મસ્વરૂપને ધ્યાવતાં જીવ પરમાત્મા થાય છે, તેથી પૂજ્યપાદસ્વામી સમાધિશતકમાં કહે છે કે—

ત્રિવિધ આત્મા જાણીને, તજ બહિરાતમભાવ;
થઈ તું અંતર્આતમા, ધ્યા પરમાત્મસ્વભાવ.

અંતરાત્માને કોઈને રાગ તો હોય છે. (—બધાને નથી હોતો કેમકે બારમા ગુણસ્થાને પણ અંતરાત્મા છે, તે તો વીતરાગ છે,) એ રીતે નીચલી દશામાં રાગ હોવા છતાં અંતરાત્મા તેનાથી ભિન્ન પોતાના ચેતનસ્વરૂપને જાણનારા છે, રાગને મોક્ષમાર્ગ માનતા નથી. તેમાં સાતથી બાર ગુણસ્થાન સુધીના ઉત્તમ અંતરાત્માઓ તો શુદ્ધોપયોગવડે પોતાના નિર્વિકલ્પ આનંદને જ અનુભવી રહ્યા છે, પરમાત્મદશા તેમને ઘણી નજીક વર્તે છે. શુદ્ધોપયોગી થઈને અંતરમાં ચૈતન્યગોળાને સાક્ષાત્ અનુભવી રહ્યા

નિશઢિલ પિતા સુનંદા જનની, મરકટલચ્છન તિસ તારં,
સુરનરકિન્નર દેવ વિદ્યાધર, કરહિ વંદના શશિ તારં. ૪

છે. બીજા અંતરાત્માઓને પણ આવા આત્માનું ભાન તો છે, ને નિર્વિકલ્પધ્યાન ક્યારેક થાય છે. અરે, અંતરાત્માની ઓળખાણ પણ ઘણી સૂક્ષ્મ છે; એને ઓળખે તો જીવ–અજીવનું ભેદજ્ઞાન થઈ જાય એવું છે.

❋ દેહાદિ બાહ્યને આત્મા માને તે બહિરાત્મા.

❋ પરથી ભિન્ન અંતરમાં આત્મસ્વરૂપને જાણે તે અંતરાત્મા.

❋ ઉત્કૃષ્ટ–પરમ જ્ઞાનઆનંદદશાને પામેલા તે પરમાત્મા.

આત્માની આવી ત્રણદશાને ઓળખીને, બહિરાત્મપણું છોડવું, અને અંતરાત્મા થઈને પરમાત્મપદને સાધવું. પરમાત્માની ઓળખાણ અંતરાત્માને જ થાય છે, બહિરાત્મા તેને ઓળખી શકતો નથી. બહિરાત્મા તો શરીરને જ દેખે છે.

શરીર અને હું જુદા છીએ–એમ શરીરથી ભિન્નતા પણ જેને નથી ભાસતી તે રાગથી ભિન્ન થવારૂપ વીતરાગી મોક્ષમાર્ગમાં ક્યાંથી આવશે? અંતરમાં રાગથી પણ ચેતનભાવ જુદો છે એવું ભાન કર્યા વગર મોક્ષમાર્ગ થાય નહીં.

મોક્ષમાર્ગમાં વર્તતા મુનિઓમાં પણ શુદ્ધોપયોગી મુનિઓને ઉત્તમ અંતરાત્મા કહ્યા ને શુભોપયોગી મુનિઓને મધ્યમ અંતરાત્મા કહ્યા; અંતરમાં આત્માનું જ્ઞાન તો બંનેને છે; પણ જે નિર્વિકલ્પ અનુભવમાં લીન છે તેને ઉત્તમ કહ્યા; શુભરાગવાળાને ઉત્તમ ન કહ્યા. જો કે તેઓ પણ છે તો પંચપરમેષ્ઠીમાં, તેથી ઉત્તમ છે; 'સાહુ લોગુત્તમા'માં તેઓ પણ આવી જાય છે; પણ શુદ્ધોપયોગીની અપેક્ષાએ તેમને મધ્યમ કહ્યા. તોપછી શુદ્ધાત્માનું જેને ભાન પણ નથી એવા અજ્ઞાનીના શુભની શી વાત? શુભભાવ વખતે પણ તે તો બહિરાત્મા છે. ને ભેદજ્ઞાનની જીવ અશુભભાવ વખતે પણ અંતરાત્મા છે. પરમાત્માને તો શુભ–અશુભભાવો હોતા જ નથી; અંતરાત્માની ચેતના પણ તે–તે વખતના શુભ–અશુભભાવોથી જુદી અલિપ્ત જ વર્તે છે.

અજ્ઞાની ગમે તેટલા શુભભાવ કરે, એકલા વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રનું પાલન કરે તોપણ તેનું સ્થાન જઘન્ય–અંતરાત્માથી પણ હલકું છે, એટલે કે તે તો બહિરાત્મા છે. જઘન્ય અંતરાત્માનું સ્થાન તો મોક્ષમાર્ગમાં છે, પણ બહિરાત્માનું સ્થાન મોક્ષમાર્ગમાં નથી. નિર્વિકલ્પ અનુભૂતિસહિત શુદ્ધઆત્માની અંતર્દ્દષ્ટિ વગર



અલિકા જુ નામ પાવૈ ઇન્દ્રકી પુરી કહાવે,
પુંડરગિરિ સરભર નાવે જો વિખ્યાત હૈ;

સમ્યગ્દર્શન થાય નહિ ને સમ્યગ્દર્શન વિના અંતરાત્માપણું હોય નહીં. જઘન્ય એટલે નાનામાં નાનો અંતરાત્મા પણ અંતરમાં નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાન સહિત જ હોય છે. શ્રદ્ધા–અપેક્ષાએ તેનું જઘન્યપણું નથી, જ્ઞાન અને ચારિત્ર અપેક્ષાએ જઘન્યપણું છે.


જુઓ, અંતરાત્મા ઉત્તમ હો મધ્યમ હો કે જઘન્ય હો, તે ત્રણે પ્રકારના અંતરાત્માઓ મોક્ષમાર્ગી છે. (તીનોં શિવમગચારી) ચોથા ગુણસ્થાનવાળા જઘન્ય અંતરાત્મા પણ મોક્ષમાર્ગી છે, શિવમગચારી છે, ચોથાથી બારમા ગુણસ્થાન સુધીના બધાય અંતરાત્માઓ મોક્ષમાર્ગમાં ચાલનારા છે. નિશ્ચય સમ્યગ્દર્શન થયું તેના પ્રતાપે મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો છે. જેને નિશ્ચય સમ્યગ્દર્શન નથી એવા જીવો વ્રતાદિ કરે ને દ્રવ્યલિંગ ધારે તોપણ અંતરાત્માના વર્ગમાં નથી આવતા, તે તો બહિરાત્મા જ છે. વ્રતરહિત પરંતુ સમ્યક્ત્વસહિત એવા જીવો તો મોક્ષમાર્ગી છે, પણ સમ્યક્ત્વરહિત ને વ્રત–સહિત એવા જીવો મોક્ષમાર્ગમાં નથી. ભલે કોઈ પંચમહાવ્રત પાળતો હોય, દ્રવ્યલિંગી સાધુ હોય, તોપણ જે મિથ્યાદૃષ્ટિ છે તેને ચારિત્રના લેશનો પણ સદ્ભાવ નથી કહ્યો; અને અવ્રતી હોવા છતાં સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને ચારિત્રમોહની ચાર પ્રકૃતિ (અનંતાનુબંધી ક્રોધાદિ)નો તો અભાવ થયો છે, તેટલા અંશે તેનો ચારિત્રગુણ ખીલ્યો છે. અહા, સમ્યગ્દૃષ્ટિ જીવોની અંતરની દશા કોઈ અનેરી છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ) (અધ્યાત્મ સંદેશ)

અરે જીવ! સ્વાનુભવની કળા શીખવનારા ને સંસારથી તારનારા સન્ત–ધર્માત્માઓ તને મળ્યા, તો અત્યારે તારી બહારની કળાના જાણપણાનું ડહાપણ એકકોર મૂક ને સ્વાનુભવકળાની મહત્તાને સમજ. ભાઈ એના વિના સંસારનો ક્યાંય આરો નથી. આ સ્વાનુભવ પાસે બીજા બધા ભણતર થોથા છે. હજારો વર્ષના શાસ્ત્રભણતર કરતાં એક ક્ષણનો સ્વાનુભવ વધી જાય છે. માટે એને તું જાણ. આત્માના જ્ઞાન–ધ્યાન વડે ધર્મીને ઘણી શુદ્ધતા વધતી જાય છે ને અસંખ્યાતગણી નિર્જરા થતી જાય છે. બહારનો ઉઘાડ તો વધે કે ન વધે પણ અંદર ચૈતન્યને અનુભવવાની જ્ઞાનની શક્તિ તેને વધતી જાય છે, ને આવરણ એકદમ તૂટતું જાય છે, એક ક્ષણભરના સ્વાનુભવથી જ્ઞાનીને જે કર્મો તૂટે છે, અજ્ઞાનીને લાખો ઉપાય કરતાં પણ એટલાં કર્મો તૂટતાં નથી. આમ સમ્યક્ત્વનો અને સ્વાનુભવનો કોઈ અચિંત્ય મહિમા છે.–એમ સમજીને હે જીવ! તું તેની આરાધનામાં તત્પર થા. (ક્રમશઃ) ❊

**સહસ્રકિરનધાર તેજતૈં, દિપૈ અપાર;**
**ધુજાપૈ વિરાજૈ અંધકાર હૂ રિઝાત હૈ;**




## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

### વચનામૃત—૧

**હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ. ૧.**

**'હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ.'**

અહીં, પહેલેથી શરૂઆત કરીએ છીએ. સાદી ભાષા ને મર્મ ઘણો. આ વચનામૃત-પુસ્તક ઘણાને પ્રિય થઈ પડ્યું છે. વેદાંતવાળા વાંચે છે એનેય પ્રિય થઈ પડ્યું છે. તેનેય એમ લાગે—'માળું આ શું!' સાદી ભાષા, ને વાત અસ્તિની છે.

પહેલો શબ્દ 'હે જીવ!' ત્યાંથી ઉપાડ્યું છે. સમયસારની બીજી ગાથામાં પણ 'जीवो चरित्तदंसणणाणढिदो' અને સમયસારના પરિશિષ્ટમાં—૪૭ શક્તિઓમાં—પહેલી જીવત્વ-શક્તિ, એમ 'જીવ'થી શરૂઆત કરી છે. હે જીવ! તું જીવત્વશક્તિથી જીવનારો પ્રભુ છો; અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ ને અનંત વીર્ય વગેરે અનંત શક્તિઓનો પુંજ ભગવાન આત્મા છો. તને ક્યાંય ન ગમતું હોય—પરમાં, રાગમાં, એક સમયની પર્યાયમાં, કારણ કે પર્યાયમાં પ્રગટ આનંદ નથી—તો તારો ઉપયોગ પલટાવી નાખ, અને આત્મામાં ગમાડ.

તારી વર્તમાન પર્યાય—અવસ્થા જે રાગ અને શુભ-અશુભના-પુણ્યપાપના વિકલ્પોમાં રોકાયેલી છે ત્યાં તને નહિ ગોઠે, કેમ કે ત્યાં રાગ ને દુઃખ છે. ત્યાંથી તારો ઉપયોગ પલટાવ. વર્તમાન દશામાં જે રાગ છે તે તો થઈ જ ગયો છે, તેને કેમ પલટાવવો? ત્યાર પછીની દશાને-ઉપયોગને અંતરમાં વાળ, એમ તેનો અર્થ છે. તને ક્યાંય બહારમાં સંતોષ લાગતો ન હોય, આકુળતા લાગતી હોય, તો તારી દશાના

देवसेन राजासुत जाकी छवि अद्‌भुत,
देवसेना मातु जाकै हरष न मात है;

વ્યાપારને—તારા ઉપયોગને ગુલાંટ મારીને અંદર સ્વભાવમાં વાળ. જીવ શુદ્ધચૈતન્ય ને આનંદસ્વરૂપ પ્રભુ છે; ત્યાં ઉપયોગને ઢાળ—વાળ, અને આત્મામાં ગમાડ.

**'આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે.'**

—કેમ કે ત્યાં આનંદ છે, અને રાગમાં દુઃખ છે. તેથી ઉપયોગને પલટાવીને અંદર આત્મામાં ગમાડ. ત્યાં તને ગમશે. ગમાડ તો ગમશે; આત્મામાં ગમે એવું છે. અહાહા! બહુ સાદી ભાષા! બેન બોલેલાં એ બ્ર. દીકરિયુંએ લખી લીધું, ને હિંમતભાઈએ તે ભેગું કર્યું.

તારી પર તરફ વળેલી વર્તમાન દશા 'છે', નથી એમ નહિ. ત્યાંથી ગુલાંટ માર; કેમ કે પર્યાય છે એ તો પલટશે જ, ધ્રુવ હોય તે પલટે નહિ. તેથી પર તરફ—રાગ તરફ—જે ઉપયોગ છે તેને આ બાજુ—આત્મા તરફ વાળ. અહા! કથન બહુ ટૂંકું. વ્યવહારથી થાય ને વ્યવહારથી ન થાય એ બધો વિવાદ ઊડી ગયો. આત્મામાં ગમે એવું છે, કેમ કે આત્મામાં આનંદ ભર્યો છે; તને ગમશે; ગમાડ તો ગમશે.

અહીં બે વાત લીધી : (૧) ક્યાંય ન ગમતું હોય તો (૨) તારો ઉપયોગ પલટાવી નાખ. ઉપયોગ પલટાવ એ પુરુષાર્થથી કહ્યું. કેમ પલટાય? કર્મ ખસે તો પલટાય એમ નહિ. તું પોતે જ ઉપયોગને પરમાં—રાગમાં—જોડે છે એ તારો જ અપરાધ છે; તે ઉપયોગને તું જ તારા પુરુષાર્થથી આમાં—આત્મામાં—જોડી દે, પલટાવી દે. ત્યાં આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું-ગોઠે એવું છે, બીજે ક્યાંય—રાગમાં કે વ્યવહારરત્નત્રયમાં—ગોઠે એવું નથી. વસ્તુસ્વરૂપ આવું છે.

અહા! શું આ શાસ્ત્ર છે! ઘણી સાદી ભાષા છે. એનો પ્રચાર કરવો; લોકોને સોંઘું દેવું; લોકો વાંચે. અહાહા! બેનની અંદરની દશાની તો શી વાત કરવી! બેનને તો ઘણે ઠેકાણે અભિનંદન-પત્ર અપાયાં છે—રાજકોટ, મુંબઈ, ભાવનગર, સુરેન્દ્રનગર, વઢવાણ, લીંબડી, બોટાદ, કુંડલા, ઉમરાળા, જામનગર, મદ્રાસ વગેરે ઘણે ઠેકાણે. બેનનું આ શાસ્ત્ર બહાર આવ્યું ને!—એકલો સિદ્ધાન્તનો મર્મ! સમજે તેને સમજવામાં સહેલું છે.

આત્મામાં આનંદ ભર્યો છે. આનંદવાળો છે એમ નહિ—પોતે આનંદસ્વરૂપ જ છે. ત્યાં તને જરૂર ગમશે જ. આ માંગળિક છે, શરૂઆત છે.

**'જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે.'**

**શ્રી સુજાતસ્વામીકો પ્રણામ નિત્ય ભવ્ય કરૈં,**
**જાકે નામ લિયે કુલ પાતક વિલાત હૈં. ૫**

આત્મામાં આનંદ છે, ત્યાં જરૂર ગમશે, એમ પહેલાં અસ્તિથી કહ્યું; અને એ સિવાય બીજે ક્યાંય—પરના રાગમાં કે દયા-દાન આદિના ભાવમાં—ગમે એવું નથી, એમ નાસ્તિથી કહ્યું. એક કોર રામ ને એક કોર ગામ;—એક કોર આનંદસ્વરૂપ ભગવાન આત્મા, ને એક કોર રાગ, પર્યાય વગેરે આખું જગત. આત્મા છે ને? વસ્તુ છે ને? તે મોજૂદ ચીજ આનંદથી ભરેલી છે. અહા! મોટો માંધાતા હોય તોય સાંભળીને ઠરી જાય; એને એમ થાય કે આ વાત કાંઈક સાચી છે; આ બધું—વ્યવહારથી થાય, નિમિત્તથી થાય—માનીએ છીએ તેના કરતાં આ વાત કોઈ જુદી જ છે. આ પુસ્તકમાં બધો સાર—ઘણું આવી ગયું છે.

**'માટે તું આત્મામાં ગમાડ.'**

એક આત્મામાં જ ગમે એવું છે કેમ કે ત્યાં આનંદ ભર્યો છે. બીજે ક્યાંય ગમે તેવું નથી, માટે ત્યાંથી ખસી જા અને આત્મામાં ગમાડ. એક બોલ થયો. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૬ થી ચાલુ) (પ્રવચનસાર પ્રવચન)

ગુણભેદ પડતાં તે સ્વભાવના આશ્રયે ગુણગુણીના વિકલ્પનો લોપ થયો. (ગુણો કાંઈ લોપ થતાં નથી) તેને વિશેષણ-વિશેષ્યપણાની વાસના અંતર્ધાન કરી–એમ કહેવામાં આવે છે. આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય—એવો જે વિકલ્પનો વિસ્તાર થતો હતો તે અટકી ગયો ને નિર્વિકલ્પ અનુભવ થયો.

શ્રી સમયસારમાં પણ એ જ રીતે કથન આવે છે : પહેલાં શ્રુતજ્ઞાનથી આત્માને વિકલ્પ દ્વારા જાણવો પછી નિર્વિકલ્પ થઈને મતિશ્રુતજ્ઞાનને આત્મા તરફ વાળવાં. શાસ્ત્રકારના ભાવને સમજે તો કલ્યાણ થાય તેમ છે બાકી વસ્તુ વચન અગોચર અગમ્ય છે–વચનમાં શી રીતે કહેવાય? અનુભવની વાત વાણીમાં શી રીતે આવે? આત્મા ચૈતન્ય છે ને વાણી તો જડ છે, તેથી આત્માના અનુભવની વાત સર્વથા વાણીમાં આવી શકે નહીં. જે જીવ જ્ઞાનમાત્ર આત્માને અનુભવે છે તેનો મોહ જરૂર નાશ પામે છે. કારણ કે વિકલ્પનો અભાવ થવાથી મોહને કોઈ આશ્રય જ રહેતો નથી. મોહ ઉત્પન્ન જ થતો નથી, તેને નાશ થયો એમ કહેવામાં આવે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે : ''દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.''–તેમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન ન કહ્યું પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ વગરનું, રાગ વગરનું ચૈતન્યનું એકલું જ્ઞાન વર્તે છે–એમ કહ્યું છે. આવી રીતે મોહની સેના ઉપર વિજય મેળવવાનો ઉપાય મેં પ્રાપ્ત કર્યો છે–એમ આચાર્ય ભગવાન કહે છે. (ક્રમશઃ) ❊

## ઊંધી માન્યતાનું જોર !! (તેના ચાર દૃષ્ટાંત)

(૧) ઊંધી દૃષ્ટિ જીવને સવળું સમજવા દેતી નથી. જુઓ, 'ઉદય પ્રમાણે વિકાર થાય છે' એમ માનનારને પણ ઉદય પ્રમાણે તો વિકાર થતો જ નથી. તેને શાસ્ત્ર ભણતર વગેરેમાં (ભલે ઊંધી દૃષ્ટિપૂર્વક પણ) મંદ રાગનો પ્રયત્ન તો વર્તે છે, જ્ઞાનમાં પણ એ પ્રમાણે જ આવે છે, 'કર્મના ઉદય પ્રમાણે વિકાર થાય છે' એમ કાંઈ તેના જ્ઞાનમાં જણાતું નથી. છતાં તેની ઊંધી દૃષ્ટિનું જોર તેને એમ મનાવે છે કે ઉદય પ્રમાણે વિકાર થાય. એની ઊંધી માન્યતામાં મિથ્યાત્વનું એટલું જોર પડ્યું છે કે અનંતો ઉદય આવે તો મારે તેવું થવું પડશે એવો તેનો અભિપ્રાય વર્તે છે, એટલે એમાં નિગોદદશાની જ આરાધનાનું જોર પડ્યું છે.

(૨) એ પ્રમાણે ઊંધી દૃષ્ટિનો બીજો દાખલો : સ્થાનકવાસીના તેરાપંથી લોકો અસંયમી પ્રત્યેના દયા-દાનના ભાવને પણ પાપ મનાવે છે. કોઈ જીવને બચાવવાનો ભાવ કે દાનાદિનો ભાવ થાય ત્યારે તેને પોતાને કોમળ પરિણામરૂપ શુભભાવ છે, તે વખતે તેના જ્ઞાનમાં પણ એવો જ ખ્યાલ આવે છે કે આ કંઈક શુભપરિણામ છે, તે વખતે કાંઈ જ્ઞાનમાં 'આ પાપ પરિણામ છે' એવો ખ્યાલ નથી આવતો. પણ ઊંધી શ્રદ્ધાનું જોર એવું છે કે પોતાને શુભભાવ હોવા છતાં તેને પાપ મનાવે છે. દયા-દાનને પાપ માનનાર તેરાપંથીને પોતાને પણ દયા-દાન વખતે કાંઈ પાપના ભાવ નથી, છતાં ઊંધી દૃષ્ટિના જોરને લીધે તે તેને પાપ માને છે.

(૩) એ જ રીતે ત્રીજો દાખલો : જિનપ્રતિમાના દર્શન-પૂજન-ભક્તિ વગેરેમાં શુભભાવ છે, છતાં સ્થાનકવાસી તેને પાપ મનાવે છે. જિનપ્રતિમાના દર્શન વગેરેમાં તેને પોતાને શુભભાવ થતા હોવા છતાં અને જ્ઞાનમાં પણ તે વખતે 'આ શુભ છે' એમ આવવા છતાં ઊંધી માન્યતાનું જોર તે શુભને પણ પાપ મનાવે છે.

(૪) વળી એક ચોથો દાખલો લઈએ : દયા, પૂજા કે વ્રત વગેરેનો ભાવ તે શુભરાગ છે, તે કાંઈ ધર્મ નથી. છતાં મિથ્યાદૃષ્ટિ તેને ધર્મ માને છે. તે શુભરાગ વખતે અજ્ઞાનીને પણ જ્ઞાનમાં તો એમ આવ્યું કે 'આ રાગ થયો,' પણ કાંઈ ધર્મ થયો એમ જ્ઞાનમાં નથી આવ્યું, એટલે કે રાગ વખતે તે રાગનું જ જ્ઞાન થયું છે છતાં ઊંધી દૃષ્ટિને લીધે રાગને તે ધર્મ માને છે. રાગથી ધર્મ માનનારને પોતાને પણ કાંઈ રાગથી ધર્મ થઈ જતો નથી, છતાં ઊંધી માન્યતાનું જોર તેને એ પ્રમાણે મનાવે છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—દૃષ્ટિને સ્થિર કરવા માટે સામી વસ્તુ સ્થિર જોઈએ, પણ દૃષ્ટિ તો પલટતી રહે છે તે કેવી રીતે સ્થિર થાય ?

ઉત્તર :—સામી વસ્તુ સ્થિર (ધ્રુવ) હોય તો તેના ઉપર નજર નાખતા નજર સ્થિર થાય છે. ભલે નજર (દૃષ્ટિની પર્યાય) સ્થિર ન રહી શકે, તોપણ ધ્રુવ ઉપર નજર એકાગ્રતા કરે છે તેથી વસ્તુ આખી નજરમાં આવી જાય છે આખું આત્મદ્રવ્ય નજરમાં જણાય જાય છે. મૂળ વાત તો એ છે કે અંદરમાં જે આશ્ચર્યકારી આત્મવસ્તુ છે એ વસ્તુસ્વભાવનો એને અંદરથી મહિમા નથી આવતો, દ્રવ્યલિંગી સાધુ થયો છતાં અંદરથી મહિમા આવતો નથી, પર્યાય પાછળ આખો ધ્રુવ મહાપ્રભુ પડ્યો છે એનો મહિમા આવે, આશ્ચર્ય ભાસે તો કાર્ય થાય જ. અનંત અનંત આનંદનું ધામ છે તે એને વિશ્વાસમાં આવવું જોઈએ, વિશ્વાસે વહાણ ચાલે છે ને દરિયો તરી જાય છે તેમ અંદરમાં આત્માની પ્રભુતાનો વિશ્વાસ આવે તો કાર્ય થાય જ.

જેણે જીવતી જ્યોત એવા ચૈતન્યનો અનાદર કરીને રાગને પોતાનો માન્યો છે, રાગ તે હું છું તેમ માન્યું છે, તેણે પોતાના આત્માનો જ ઘાત કર્યો. જેનાથી લાભ માને તેને પોતાનો માન્યા વિના તેનાથી લાભ માની શકે નહિ. તેથી રાગથી લાભ માનનાર પોતાનો જ ઘાત કરતો હોવાથી દુરાત્મા છે, આત્માનો અનાદર કરનાર છે, આત્માનો તિરસ્કાર કરનાર છે. અવિવેકી મિથ્યાદૃષ્ટિ છે.

પ્રશ્ન :—આના ઉપરથી એમ થાય છે કે સમ્યગ્દર્શન થવાને પાત્ર કોણ?

ઉત્તર :—ઈ પાત્ર જ છે પણ પાત્ર નથી એમ મનાઈ જાય છે ને! ઈ શલ્ય નડે છે.

પ્રશ્ન :—સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે ?

ઉત્તર :—સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થતો નથી પણ કહેવાય ખરું કેમકે વિકલ્પને છોડીને નિર્વિકલ્પમાં જાય તે બતાવવા સવિકલ્પ દ્વારા એમ કહેવાય છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં રોમાંચ ખડા થાય છે તેમ આવે છે. એટલે કે વીર્ય અંદર જવા ઉછળે છે તે બતાવવું છે.

**શ્રી સ્વયંપ્રભુ જિન-સ્તુતિ**

શ્રી સ્વયંપ્રભુ શશિલંછન પતિ તીનહું લોકકે નાથ કહાવેં,
મિત્રભૂતભૂપતિકે નંદન વિજ્યા નગર જિનેશ્વર આવેં;

**પ્રશ્ન :—શાસ્ત્રાભ્યાસ આદિ કરવા છતાં તેનાથી સમ્યગ્દર્શન થતું નથી તો સમ્યગ્દર્શન માટે શું કરવું?**

ઉત્તર :—ખરેખરી એક આત્માની જ રુચિપૂર્વક પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો તે જ સમ્યગ્દર્શનનો ઉપાય છે. આત્માનો સાચો નિર્ણય કરનારને પહેલા સાત તત્ત્વોનો સવિકલ્પ નિર્ણય આવે છે, શાસ્ત્રાભ્યાસ હોય છે, શાસ્ત્રાભ્યાસ ઠીક છે તેમ પણ વિકલ્પમાં હોય છે પણ તેનાથી ખરો નિર્ણય થતો નથી. વિકલ્પસહિત છે ત્યાંસુધી પરસન્મુખતા છે. પરસન્મુખતાથી સાચો નિર્ણય થતો નથી. સ્વસન્મુખ થતાં જ સાચો નિર્વિકલ્પ નિર્ણય થાય છે. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાનું આવે છે છતાં સવિકલ્પતા તે નિર્વિકલ્પ થવાનું ખરું કારણ નથી છતાં પહેલા આવે છે તેથી સવિકલ્પ દ્વારા એમ કહેવાય છે.

**પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિને અશુભમાં આયુષ્ય બંધાય?**

ઉત્તર :—સમ્યગ્દષ્ટિને ચોથે પાંચમે વેપાર–વિષય આદિનો અશુભ રાગ પણ હોય છે છતાં સમ્યગ્દર્શનનું એવું માહાત્મ્ય છે કે તેને અશુભ ભાવ વખતે આયુષ્ય બંધાય નહિ, શુભભાવમાં જ આયુષ્ય બંધાય છે. સમ્યગ્દર્શનનો એવો પ્રભાવ છે કે તેને ભવ વધે તો નહિ, પણ હલકો ભવ પણ હોય નહિ, સ્વર્ગ આદિનો ઉંચો ભવ જ હોય.

**પ્રશ્ન :—જેના પ્રતાપે જન્મ–મરણ ટળે ને મુક્તિ મળે એવું અપૂર્વ સમ્યગ્દર્શન પાંચમાં આરામાં જલ્દી થઈ જાય?**

ઉત્તર :—પાંચમાં આરામાં ક્ષણમાં સમ્યગ્દર્શન થાય. પાંચમો આરો આત્માને નડતો નથી. પાંચમાં આરાથી આત્મા પાર છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે વીરોના કામ છે, કાયરનું કામ નથી. પાંચમાં આરામાં ન થઈ શકે, હમણા ન થઈ શકે—એમ માનનારા કાયરનું આ કામ નથી. પછી કરીશ, કાલે કરીશ—એવા વાયદા કરનારનું આ કામ નથી. હમણાં કરીશ, આજે જ કરીશ—એવા વીરોનું આ કામ છે. આત્મા આનંદસ્વરૂપ છે. તેની સામું જોવે તેને કાળ—આરો શું નડે?—શું કરે!

આ ચૈતન્યતત્ત્વ તો કોઈ અગમ્ય વસ્તુ છે. તે બહારના વૈરાગ્યથી કે જ્ઞાનના ક્ષયોપશમથી મળી જાય તેવી ચીજ નથી. અંતરમાં અવ્યક્ત છતાં પ્રગટ અચિંત્ય વસ્તુ પડી છે. તેના મહાત્મ્ય પ્રત્યે જાય ત્યારે તે ગમ્ય થાય ને તેના જન્મ-મરણ ટળે એવી એ ચીજ છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

**ધન્ય સુમંગલા જિનકી જનની, ઇન્દ્રાદિક ગુણ પાર ન પાવેં,**
**ભવ્યજીવ પરણામ કરતુ હૈ, જિનકે ચરન સદા ચિત્ત લાવેં. ૬**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—***એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ભિન્નતા ગુરુદેવ અને આપના પ્રતાપે મુમુક્ષુને થોડી થોડી ખ્યાલમાં આવી. પણ દ્રવ્ય–ગુણ–પર્યાયની કેવી રીતે ભિન્નતા કરીને અનુભવ કરવો તે વિષયમાં અમને માર્ગદર્શન આપો.*

**સમાધાન :—**એક દ્રવ્યથી બીજું દ્રવ્ય અત્યંત જુદું છે, તેમને પ્રદેશભેદ છે. અને વિભાવ તે પોતાનો સ્વભાવ નથી. માટે શાસ્ત્રમાં ભેદજ્ઞાન કરવાનું આવે છે કે વિભાવથી વિભક્ત થા પણ ગુણ-પર્યાયથી ભેદજ્ઞાન કરવાનું નથી આવતું. આત્માના ગુણ-પર્યાયનાં લક્ષણો ઓળખીને, તેમનું જ્ઞાન કરીને, તેના ભેદમાં ન રોકાતાં એક અખંડ ચૈતન્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી તેમાં જે અનંત ગુણ છે તેની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. ગુણ-પર્યાયથી ભેદજ્ઞાન કરવાનું રહેતું નથી, પણ તેનું જ્ઞાન કરવાનું રહે છે.

આત્મા અનંત ગુણથી ગૂંથાયેલું, અભેદ તત્ત્વ છે. તેમાં અનંતા ગુણો કેવી જાતના છે, જ્ઞાનનું જાણપણું લક્ષણ, આનંદનું નિરાકુળતા લક્ષણ, ચારિત્રનું સ્થિરતા લક્ષણ. જ્ઞાન જાણવાનું કાર્ય કરે, આનંદ આનંદનું કાર્ય કરે. એ રીતે ગુણો તેના કાર્ય અને લક્ષણ ઉપરથી ઓળખી શકાય છે. તેને ઓળખીને ગુણભેદમાં રોકાવું તે રાગમિશ્રિત વિકલ્પ છે. તે વચ્ચે આવ્યા વગર રહે નહિ, પણ એક અખંડ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરીને ત્યાં સ્થિર થાય તો તેને સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. વિકલ્પ તોડીને હું નિર્વિકલ્પ તત્ત્વ છું, એમ સામાન્ય અસ્તિત્વ ઉપર નિઃશંક દૃષ્ટિ કરી તેમાં સ્થિરતા–લીનતા–આચરણ કરે તો સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. બે દ્રવ્યો જુદાં છે તે તો દેખાય છે, છતાં પણ ભેદજ્ઞાન તો પરથી ને વિભાવથી કરવાનું રહે છે ને ગુણ-પર્યાયનું જ્ઞાન કરવાનું છે. આત્મા અનંત-અનંત શક્તિઓથી ભરેલો છે. અનંતા દ્રવ્યો તેની નિકટમાં છે. તો પણ પોતાનું અસ્તિત્વ જાળવી રાખે છે. તેના અનંતા ગુણો–ધર્મો છે તે બધાનું જ્ઞાન કરવા માટે તેનાં લક્ષણો અને કાર્યો ઓળખવાં. પછી તેના ભેદવિકલ્પમાં રોકાવાનું નથી. ગુણો તો પોતાનું સ્વરૂપ છે, તે પોતાથી જુદા નથી. માટે

**શ્રી ઋષભાનન જિન-સ્તુતિ**

શ્રી ઋષભાનન અરહંત, કીર્તિરાજાકે નંદન,<br>
સુરનર કરહિં પ્રણામ, જગતમેં જિનકો વંદન;

તેનું જ્ઞાન કરીને ગુણ–ભેદોમાં કે પર્યાયભેદમાં નહિ રોકાતાં ચૈતન્ય ઉપર દૃષ્ટિ મૂકવી. તેણે જાણવું કે આ ગુણ છે, આ પર્યાય છે. પણ વિકલ્પમાં રોકાવાનું કાંઈ પ્રયોજન નથી, જાણવાનું પ્રયોજન છે. પછી પોતે પોતામાં સ્થિર થાય તો સ્વાનુભૂતિ પ્રગટ થાય છે.

ઊંચામાં ઊંચો શુભભાવ પણ વિભાવ છે, પોતાનું સ્વરૂપ નથી. તેથી તેનાથી પોતાને જુદો પાડે છે. પછી તે જાણે છે કે પર્યાય તે અંશ છે ને ગુણ છે તે પણ એક–એક ભેદરૂપે છે–તેમ જાણી લે છે, અને અખંડ સામાન્ય ચૈતન્ય ઉપર દૃષ્ટિ દે છે, જેથી વિશેષ પર્યાયો પ્રગટ થાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે.—સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ–બધા ગુણોના અંશો પ્રગટ થાય છે. ચૈતન્યમાં વિશેષ લીનતા થવાથી મુનિદશા આવે છે અને અંતર્મુહૂર્તે–અંતર્મુહૂર્તે નિર્વિકલ્પદશા થાય છે–સ્વરૂપમાં વારંવાર જામી જાય છે અને તેમાંથી જ પૂર્ણ વીતરાગદશા પ્રગટ થાય છે.

**પ્રશ્ન :**—*દ્રવ્યની કોટિ ઊંચી છે અને પર્યાયની કોટિ નાની છે તે પ્રમાણની અપેક્ષાએ કહેવાય છે કે નયની અપેક્ષાએ ?*

**સમાધાન :**—તે નય અપેક્ષાએ બરાબર છે. દ્રવ્યની કોટિ ઊંચી જ છે. દ્રવ્ય શાશ્વત, અનાદિ-અનંત છે, દ્રવ્યમાં અનંત ગુણ ભર્યા છે. અને અનંત શુદ્ધ પર્યાયો પ્રગટ કરવાની શક્તિ પણ એમાં છે. માટે દ્રવ્યની કોટિ ઊંચી છે. પર્યાય ક્ષણે ક્ષણે પલટે છે. માટે પર્યાયની કોટિ તે અપેક્ષાએ નાની છે.

પર્યાયનું વેદન થાય છે, દ્રવ્યનું વેદન નથી. દ્રવ્ય દૃષ્ટિમાં આવે છે અને પર્યાય વેદનમાં આવે છે તથા પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે, તે અપેક્ષાએ પર્યાય પૂજનિક અને વંદનીય કહેવાય છે.

દ્રવ્યની કોટિ ઊંચી છે, કેમકે દ્રવ્ય અનંત શક્તિઓથી ભરેલું છે, દ્રવ્યની દૃષ્ટિ કરવાથી મુક્તિનો માર્ગ શરૂ થાય છે, દ્રવ્યદૃષ્ટિ વગર મુક્તિનો માર્ગ શરૂ થતો નથી, તે અપેક્ષાએ દ્રવ્યની કોટિ ઊંચી છે.

પર્યાય પ્રગટ વેદનમાં આવે અને પર્યાય પ્રગટ થાય–ત્યારે જેવું દ્રવ્ય હોય તેવું પોતાને વેદનમાં આવે છે. માટે કોઈ વાર પર્યાયની મુખ્યતાથી કહેવાય, પણ વસ્તુસ્થિતિએ દ્રવ્યની કોટિ ઊંચી છે.

**વીરસેનસુતલશય, સિંહલચ્છન જિન સોહૈ,**
**નગર સુસીમા જન્મ દેખિ, ભવિજનમન મોહૈ;**

## બાળ વિભાગ

## કપિલ બ્રાહ્મણની કથા

વનવાસ દરમ્યાન વનમાં ભ્રમણ કરતાં સીતાજીને તરસ લાગી અને તેઓ આગળ વધતા એક ગામમાં આવ્યા અને કપિલ બ્રાહ્મણને ઘરે આવ્યા, બ્રાહ્મણીએ સીતાજીને પાણી આપ્યું એટલી વારમાં કપિલ બ્રાહ્મણ આવ્યો અને રામચંદ્રજી આદિને અપશબ્દો કહ્યા તેથી સીતાજીએ કહ્યું આવા ક્રોધીના ઘરમાં નથી રહેવું અને તેઓએ વન તરફ પ્રયાણ કર્યું, વર્ષાઋતુનો સમય હતો, રસ્તામાં એક વડની મોટી બખોલ જોઈ તે ઘર જેવી લાગતી હતી માટે ત્યાં રોકાણા. ત્યાં એક દંભકર્ણ નામનો યક્ષ રહેતો હતો. તેણે આવા તેજસ્વી પુરુષોને દેખીને પોતાના સ્વામીને વાત કરી તેણે આવીને અવધિજ્ઞાનથી જાણી લીધું કે આ બળભદ્ર—નારાયણ છે માટે તેમના પ્રતિ વાત્સલ્ય થયું અને ક્ષણમાત્રમાં તેઓ જ્યાં સૂતા હતા ત્યાં એક મનોજ્ઞ નગરીનું નિર્માણ કર્યું....

સવારે સુંદર ગીતોના શબ્દોથી જાગ્યા. રત્નજડિત શય્યા પર પોતાને જોયા, અત્યંત મનોહર મહેલ હતો, બધી સામગ્રીથી ભરપૂર હતો, સેવકો તેમનો ખૂબ આદર કરતા. નગર કોટ—દરવાજાથી શોભિત હતું. તે પુરુષોત્તમ મહાનુભાવનું ચિત્ત આવું નગર તત્કાળ બનેલું જોઈને પણ આશ્ચર્ય ન પામ્યું. અપૂર્વ વસ્તુ જોઈને આશ્ચર્ય પામવું એ ક્ષુદ્ર પુરુષની ચેષ્ટા છે. બધી સામગ્રીથી ભરપૂર તે નગરમાં તે સુંદર ચેષ્ટાના ધારક રહેવા લાગ્યા, જાણે કે એ દેવ જ હોય ને. યક્ષાધિપતિએ રામને માટે નગરી રચી તેથી તે પૃથ્વી પર રામપુરી કહેવાઈ. તે નગરીમાં સુભટ, મંત્રી, દ્વારપાળ, નગરના માણસો અયોધ્યા સમાન હતા.

રાજા શ્રેણિક ગૌતમ સ્વામીને પૂછે છે, હે પ્રભો એ તે દેવકૃત નગરમાં રહ્યા અને બ્રાહ્મણની શી સ્થિતિ થઈ તે કહો.

ત્યારે ગણધરે કહ્યું કે બ્રાહ્મણ બીજે દિવસે દાંતરડું હાથમાં લઈને વનમાં ગયો, લાકડાં શોધતા તેની આંખો ઊંચી થઈ. તેણે નીકટમાં સુંદર નગર જોયું અને તે આશ્ચર્ય પામ્યો. તેણે જાતજાતની રંગીન ધજાઓથી શોભિત શરદના મેઘ સમાન સુંદર મહેલ જોયા. વળી કૈલાસનું બાળક હોય એવો અતિ ઉજ્જ્વળ એક રાજમહેલ જોયો. આ જોઈને તે મનમાં વિચારવા લાગ્યો કે પશુઓથી ભરેલી આ અટવીમાં હું લાકડા લેવા નિરંતર આવું છું. તેમાં આ રત્નાચળ સમાન સુંદર મહેલોથી સંયુક્ત આ નગરી ક્યાંથી બની ગઈ? અહીં સરોવર જળથી ભરેલાં અને કમળોથી શોભી રહ્યાં છે એ મેં કદી જોયાં નહોતાં. મનોહર ઉદ્યાન છે જેમાં ચતુર જન ક્રીડા કરે છે, ધ્વજાસંયુક્ત દેવાલયો શોભે છે. હાથી, ઘોડા, ગાય, ભેંસના સમૂહ નજરે પડે છે, ઘંટારવ થઈ રહ્યો છે. આ નગરી સ્વર્ગમાંથી આવી છે કે પાતાળમાંથી નીકળી છે. કોઈ મહાભાગ્યના નિમિત્તે આ એક સ્વપ્ન લાગે છે, એક દેવમાયા છે, એક ગંધર્વોનું નગર છે અને હું પિત્તથી વ્યાકુળ થયો છું. આની પાસે

અમલાન જ્ઞાન કેવલ પ્રગટ, લોકાલોક પ્રકાશધર,<br>
તલ ચરનકમલ વંદન કરત, પાપપહાર પરાંહિં પર. ૭

મારા મૃત્યુના ચિહ્ન લાગે છે કે શું? આમ વિચારીને તે વિષાદ પામ્યો.

ત્યાં તેણે જાતજાતનાં આભૂષણ પહેરેલી એક સ્ત્રીને જોઈ. તેની પાસે જઈને તેણે પૂછ્યું : હે ભદ્રે! આ કોની નગરી છે? તેણીએ કહ્યું આ રામની નગરી છે. શું તમે સાંભળ્યું નથી? જ્યાં રાજા રામ છે, તેમના ભાઈ લક્ષ્મણ છે અને સીતા તેમની પત્ની છે. નગરની વચ્ચે આ મોટો મહેલ છે, શરદના મેઘ સમાન ઉજ્જવળ, તેમાં તે પુરુષોત્તમ બિરાજે છે. લોકોમાં તેમનું દર્શન દુર્લભ છે. તેમણે બધા ગરીબોને મનવાંછિત ધન આપીને રાજા સમાન બનાવી દીધા છે. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે હે સુંદરી! હું ક્યા ઉપાયથી તેમના દર્શન કરી શકું તે કહે. આમ કહી લાકડાનો ભારો નીચે ફેંકી. હાથ જોડી તેના પગમાં પડ્યો.

ત્યારે તે સુમાયા નામની યક્ષિણીએ કૃપા કરીને કહ્યું કે હે વિપ્ર! આ નગરીને ત્રણ દરવાજા છે, ત્યાં દેવ પણ પ્રવેશ કરી શકે તેમ નથી, મોટામોટા યોદ્ધા રક્ષકો તરીકે બેઠા છે, રાત્રે પણ જાગે છે. તેમનાં મુખ સિંહ, વાઘ, હાથી સમાન છે. તેનાથી મનુષ્યો ભય પામે છે. આ પૂર્વદ્વાર છે જેની પાસે ભગવાનના મોટાં મોટાં મંદિરો છે. મણિના તોરણોથી મનોજ્ઞ બન્યાં છે. તેમાં ઈન્દ્રોના વંદ્ય અરિહંતના બિંબ બિરાજે છે. ત્યાં ભવ્ય જીવો સામાયિક, સ્તવન આદિ કરે છે. જે ભાવ સહિત નમોકાર મંત્ર ભણે છે તે અંદર પ્રવેશ કરી શકે છે. જે પુરુષ અણુવ્રતના ધારી હોય, ગુણશીલથી શોભિત હોય તેને રામ પરમ પ્રીતિથી વાંછે છે. યક્ષિણીનાં અમૃતતુલ્ય વચનો સાંભળી બ્રાહ્મણ અત્યંત હર્ષ પામ્યો.

ધનપ્રાપ્તિનો ઉપાય મળવાથી તેણે યક્ષિણીની ખૂબ સ્તુતિ કરી, તેના સર્વ અંગે રોમાંચ થઈ આવ્યાં. તે ચારિત્રશૂર નામના મુનિની પાસે જઈ હાથ જોડી નમસ્કાર કરી શ્રાવકની ક્રિયાના ભેદ પૂછવા લાગ્યો. ત્યારે મુનિએ તેને શ્રાવકનો ધર્મ સંભળાવ્યો અને ચારે અનુયોગનું રહસ્ય બતાવ્યું. બ્રાહ્મણ ધર્મનું રહસ્ય જાણી મુનિની સ્તુતિ કરવા લાગ્યો કે હે નાથ! તમારા ઉપદેશથી મને જ્ઞાનદૃષ્ટિ પ્રગટ થઈ છે. જેમ તૃષાતુરને શીતળ જળ મળે અને ગ્રીષ્મના તાપથી સંતાપિત પથિકને છાંયો મળે. ભૂખ્યાને મિષ્ટાન્ન ભોજન અને રોગીને ઔષધ મળે તેમ કુમાર્ગમાં લાગેલા મને તમારા ઉપદેશનું રસાયણ મળ્યું છે, જાણે કે સમુદ્રમાં ડૂબતા માણસને જહાજ મળ્યું છે. સર્વ દુઃખોનો નાશ કરનાર આ જૈનનો માર્ગ મને આપની કૃપાથી મળ્યો છે. તે અવિવેકીને માટે દુર્લભ છે. ત્રણ લોકમાં આપના જેવા મારા કોઈ હિતેચ્છુ નથી. આપનાથી મને આવો જિનધર્મ મળ્યો છે. આમ કહીને મુનિના ચરણારવિંદમાં નમસ્કાર કરી બ્રાહ્મણ પોતાના ઘેર ગયો.　　　　　(ક્રમશઃ) ❋

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) ઉપયોગનું બદલવું તેને વિકલ્પ કહે છે. તે વિકલ્પ ............. ની પર્યાય છે. (ચારિત્ર, દર્શન, જ્ઞાન)

(૨) મુનિના છ આવશ્યકમાં સમસ્ત જીવો પર સમતાભાવ રાખવો અથવા સામાયિક કરવી તેને ............. કહે છે. (સમતા, વંદના, સ્તવન)

(૩) તીર્થંકરોના શાશ્વત જન્મસ્થાન અયોધ્યામાં પાંચ તીર્થંકરોના કુલ ............. કલ્યાણકો થયેલ છે. (૧૪, ૧૮, ૨૦)

(૪) પરિષહનો ભાવ એ ........... નો દોષ છે. (દર્શન, ચારિત્ર, જ્ઞાન)

(૫) બાર પ્રકારના તપને પૂર્ણ રીતે પાલન કરનારા ............. હોય છે. (શ્રાવક, મુનિ, અવિરત સમ્યગ્દૃષ્ટિ)

(૬) કર્મના બંધ અનુસાર જ ઉદય હોતો નથી, અને ઉદય અનુસાર ............ હોતો નથી. (બંધ, ભાવ, આસ્રવ)

(૭) વ્યવહારથી પાંચ પરમેષ્ઠી તથા નિશ્ચયથી પોતાનો આત્મા જ શરણ છે એવો વિચાર કરવો એ ........... ભાવના છે. (અનિત્ય, સંસાર, અશરણ)

(૮) જ્ઞાની કર્મના ઉદયને પોતાથી ભિન્ન જાણતો હોવા છતાં કર્મને વશ થઈ ............ ભાવરૂપે પરિણમે છે. (ઔદયિક, ક્ષાયિક, ઔપશમિક)

(૯) છયે પર્યાપ્તિઓ .......... માં પૂર્ણ થઈ જાય છે. (એક ઘડી, અંતર્મુહૂર્ત, એક સમય)

(૧૦) ............ શાસ્ત્રની મહત્તા બતાવતા જયસેન આચાર્યદેવ કહે છેકે, ‘‘જયવંત વર્તો તે કુંદકુંદ આચાર્યદેવ કે જેમણે મહા તત્ત્વથી ભરેલા પ્રાભૃતરૂપી પર્વત બુદ્ધિરૂપી શિર પર ઉપાડીને ભવ્ય જીવોને સમર્પિત કર્યો છે.’’ (નિયમસાર, સમયસાર, પ્રવચનસાર)

(૧૧) જીવની વૈભાવિક શક્તિ ........... છે. (નિત્ય, અનિત્ય, હેય)

(૧૨) જ્ઞાનનાં ત્રણ પ્રકારનાં દોષમાં અવધિજ્ઞાનમાં ........... દોષ હોતો નથી. (સંશય, વિપર્યય, અનધ્યવસાય)

(૧૩) પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ-૨૬૪માં આવે છે કે, ‘‘મોહ, રાગ, દ્વેષ વગેરે જે વિકારી અવસ્થા આત્મામાં ઉત્પન્ન થાય છે તે જડ તરફનાં વલણવાળો ભાવ હોવાથી તથા આત્માનો ........... ન હોવાથી જડ છે.’’ (વિભાવ, સ્વભાવ, શુભભાવ)

(૧૪) પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત બોલ નં. ૧૦૪માં આવે છે કે ‘‘હું શુદ્ધ છું’’ એમ

સ્વીકારતા ............ની રચના શુદ્ધ જ થાય છે, જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.
(ગુણ, દ્રવ્ય, પર્યાય)

(૧૫) જીવને દુઃખનું નિમિત્તકારણ ............. કર્મનો ઉદય છે. (શુભ, બધાજ, અશુભ)

(૧૬) બાવીસ પરિષહોમાં સત્કાર પુસ્કાર પરિષહ ............ કર્મનાં નિમિત્તે હોય છે. (ચારિત્ર મોહનીય, દર્શનમોહનીય, અંતરાય)

(૧૭) સાસાદન ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ ................. છે.
(છ આવલી, એક સમય, અંતર્મુહૂર્ત)

(૧૮) દશ પ્રાણોમાંથી ૧૪માં ગુણસ્થાનવર્તી અયોગી કેવલીને .............. હોય છે.
(શ્વાસોશ્વાસ, કાયબળ, આયુષ્ય)

(૧૯) શુદ્ધ નિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર તેનું પ્રતિપાદન કરનારું પરમાર્થ પ્રતિક્રમણનું સ્વરૂપ ............ શાસ્ત્રમાં કહેલ છે. (નિયમસાર, સમયસાર, પંચાસ્તિકાય)

(૨૦) સંવરની સાથે અવિનાભાવિપણે ............... હોય છે. (બંધ, મોક્ષ, નિર્જરા)

---

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્નોના ઉત્તર

(૧) જ્ઞાન
(૨) સમતા
(૩) ૧૮
(૪) ચારિત્ર
(૫) મુનિ
(૬) ભાવ
(૭) અશરણ
(૮) ઔદયિક
(૯) અંતર્મુહૂર્ત
(૧૦) સમયસાર
(૧૧) નિત્ય
(૧૨) સંશય
(૧૩) સ્વભાવ
(૧૪) પર્યાય
(૧૫) બધા જ
(૧૬) ચારિત્ર મોહનીય
(૧૭) છ આવલી
(૧૮) આયુષ્ય
(૧૯) નિયમસાર
(૨૦) નિર્જરા

● પ્રશ્ન : આત્મામાં જે શુભાશુભ ભાવો થાય છે તેનું મૂળ ઉપાદાન કોણ ?

ઉત્તર : અશુદ્ધ ઉપાદાનથી આત્મા પોતે શુભાશુભભાવમાં વ્યાપક થઈને કરતો હોવાથી આત્મા તેનો કર્તા છે અને શુદ્ધ ઉપાદાનથી જોઈએ તો પુણ્ય-પાપ ભાવ તે આત્માનો સ્વભાવભાવ ન હોવાથી અને તે પુદ્‌ગલના લક્ષે થતા હોવાથી તે પુદ્‌ગલનું કાર્ય છે. પુદ્‌ગલ તેમાં વ્યાપક થઈને કર્તા થાય છે. જ્યારે સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે જ્ઞાની યોગ અને ઉપયોગ (રાગ)નો સ્વામી થતો ન હોવાથી જ્ઞાની તેનો કર્તા નથી પણ જ્ઞાનીના જ્ઞાનમાં રાગ નિમિત્ત થાય છે.

બાળકો માટે

## ભરતક્ષેત્રના વર્તમાન તીર્થંકર સંબંધી માહિતિ

નોંધ : ચોવીસ તીર્થંકરના નામ ક્રમ ગતાંકમાં આપેલ છે તેથી ક્રમ અનુસાર તેમનું નામ સમજી લેવું.

| ક્રમ | શરીર ઉંચાઈ (ધનુષ) | આયુષ્ય | વૈરાગ્ય નિમિત્ત | દીક્ષા નગર | વન | વૃક્ષ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૫૦૦ | ૮૪ લાખ પૂર્વ | નીલાંજના મૃત્યુ | પ્રયાગ | સિદ્ધાર્થ | વટવૃક્ષ |
| ૨ | ૪૫૦ | ૭૨ લાખ પૂર્વ | ઉલ્કાપાત જોઈને | અયોધ્યા | સહેતુક | સપ્તચ્છદ |
| ૩ | ૪૦૦ | ૬૦ લાખ પૂર્વ | મેઘપટલનો નાશ | શ્રાવસ્તિ | સહેતુક | શાલ |
| ૪ | ૩૫૦ | ૫૦ લાખ પૂર્વ | ગંધર્વનગરનો નાશ | અયોધ્યા | ઉપ્રોધાન | શાલ |
| ૫ | ૩૦૦ | ૪૦ લાખ પૂર્વ | પૂર્વભવનું સ્મરણ | અયોધ્યા | સહેતુક | પ્રિયંગુ |
| ૬ | ૨૫૦ | ૩૦ લાખ પૂર્વ | પૂર્વભવનું સ્મરણ | કૌશાંબી | મનોહર | પ્રિયંગુ |
| ૭ | ૨૦૦ | ૨૦ લાખ પૂર્વ | વનલક્ષ્મીનો નાશ | કાશી | સહેતુક | શિરીષ |
| ૮ | ૧૫૦ | ૧૦ લાખ પૂર્વ | વીજળી જોઈને | ચન્દ્રપુરી | સર્વર્દક | નાગતરુ |
| ૯ | ૧૦૦ | ૨ લાખ પૂર્વ | ઉલ્કાપાત જોઈને | કાકન્દી | પુષ્પક | શાલ |
| ૧૦ | ૯૦ | ૧ લાખ પૂર્વ | હિમનો નાશ જોવો | ભદ્રિલાપુર | સહેતુક | પલાશ |
| ૧૧ | ૮૦ | ૮૪ લાખ વર્ષ | વનલક્ષ્મીનો નાશ | સિંહનાદપુર | મનોહર | તિન્દુક |
| ૧૨ | ૭૦ | ૭૨ લાખ વર્ષ | પૂર્વભવનું સ્મરણ | ચંપાપુર | ક્રિડોદ્યાન | પાટલતરુ |
| ૧૩ | ૬૦ | ૬૦ લાખ વર્ષ | મેઘપટલનો નાશ | કંપિલા | સહેતુક | જમ્બુવૃક્ષ |
| ૧૪ | ૫૦ | ૩૦ લાખ વર્ષ | ઉલ્કાપાત જોઈને | અયોધ્યા | સહેતુક | પીપલ |
| ૧૫ | ૪૫ | ૧૦ લાખ વર્ષ | ઉલ્કાપાત જોઈને | રત્નપુર | શાલવન | દીર્ઘપર્ણ |
| ૧૬ | ૪૦ | ૧ લાખ વર્ષ | પૂર્વભવનું સ્મરણ | હસ્તિનાપુર | શાલવન | નન્દીતરુ |
| ૧૭ | ૩૫ | ૯૫ હજાર વર્ષ | પૂર્વભવકા સ્મરણ | હસ્તિનાપુર | સહેતુક | તિલક |
| ૧૮ | ૩૦ | ૮૪ હજાર વર્ષ | મેઘપટલકા નાશ | હસ્તિનાપુર | સહેતુક | આમ્ર |
| ૧૯ | ૨૫ | ૫૫ હજાર વર્ષ | વીજળી જોઈને | મિથિલા | શ્વેતવન | અશોક |
| ૨૦ | ૨૦ | ૩૦ હજાર વર્ષ | પૂર્વભવનું સ્મરણ | રાજગૃહી | નીલવન | ચમ્પક |
| ૨૧ | ૧૫ | ૧૦ હજાર વર્ષ | પૂર્વભવનું સ્મરણ | મિથિલા | ચિત્રવન | બકુલ |
| ૨૨ | ૧૦ | ૧ હજાર વર્ષ | કેદમાં પ્રાણી વધ માટે | ગિરનાર | સહસામ્રવન | મેઘશ્રૃંગ |
| ૨૩ | ૯ | ૧૦૦ વર્ષ | જાતિસ્મરણ થવું | વારાણસી | અશ્વવન | ધવલવૃક્ષ |
| ૨૪ | ૭ હાથ | ૭૨ વર્ષ | જાતિસ્મરણ થવું | કુંડલપુર | જ્ઞાનવન | શાલવૃક્ષ |

## જીવના અસાધારણભાવો અને તેમના ભેદ

| ઔપશમિકભાવ | ક્ષાયિકભાવ | ક્ષાયોપશમિકભાવ | ઔદયિકભાવ | પારિણામિકભાવ |
|---|---|---|---|---|
| ૧.સમ્યક્ત્વભાવ | ૧. ક્ષાયિકસમ્યક્ત્વ | ૧. સમ્યક્ત્વ | ૧. મનુષ્યગતિ | ૧. જીવત્વ |
| ૨.ચારિત્રભાવ | ૨. ક્ષાયિકચારિત્ર | ૨. ચારિત્ર | ૨. તિર્યંચગતિ | ૨. ભવ્યત્વ |
| | ૩. ક્ષાયિકદર્શન | ૩. ચક્ષુદર્શન | ૩. નરકગતિ | ૩. અભવ્યત્વ |
| | ૪. ક્ષાયિકજ્ઞાન | ૪. અચક્ષુદર્શન | ૪. દેવગતિ | |
| | ૫. ક્ષાયિકદાન | ૫. અવધિદર્શન | ૫. ક્રોધ | |
| | ૬. ક્ષાયિકલાભ | ૬. દેશસંયમ | ૬. માન | |
| | ૭. ક્ષાયિકભોગ | ૭. મતિજ્ઞાન | ૭. માયા | |
| | ૮. ક્ષાયિકઉપભોગ | ૮. શ્રુતજ્ઞાન | ૮. લોભ | |
| | ૯. ક્ષાયિકવીર્ય | ૯. અવધિજ્ઞાન | ૯. સ્ત્રીલિંગ | |
| | | ૧૦. મનઃપર્યયજ્ઞાન | ૧૦. પુરુષલિંગ | |
| | | ૧૧. કુમતિજ્ઞાન | ૧૧. નપુંસકલિંગ | |
| | | ૧૨. કુશ્રુતજ્ઞાન | ૧૨. મિથ્યાદર્શન | |
| | | ૧૩. કુઅવધિજ્ઞાન | ૧૩. અજ્ઞાન | |
| | | ૧૪. દાન | ૧૪. અસંયમ | |
| | | ૧૫. લાભ | ૧૫. અસિદ્ધત્વ | |
| | | ૧૬. ભોગ | ૧૬. પીતલેશ્યા | |
| | | ૧૭. ઉપભોગ | ૧૭. પદ્મલેશ્યા | |
| | | ૧૮. વીર્ય | ૧૮. શુક્લલેશ્યા | |
| | | | ૧૯. કૃષ્ણલેશ્યા | |
| | | | ૨૦. નીલલેશ્યા | |
| | | | ૨૧. કાપોતલેશ્યા | |

વિશેષ :

● ૧. સર્વ ઔદયિકભાવો બંધનું કારણ છે એમ ન સમજવું, પણ માત્ર મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ– એ ચાર ભાવો બંધનું કારણ છે.

૨. ''..જો જીવ મોહના ઉદયમાં જોડાય તો બંધ થાય, દ્રવ્યમોહનો ઉદય હોવા છતાં જો જીવ શુદ્ધાત્મભાવનાના બળ વડે ભાવમોહરૂપે ન પરિણમે તો બંધ થતો નથી. જો જીવને કર્મના ઉદયના કારણે બંધ થતો હોય તો સંસારીને સર્વદા કર્મનો ઉદય વિદ્યમાન છે, તેથી તેને સર્વદા બંધ થાય, કદી મોક્ષ થાય જ નહીં.'' માટે એમ સમજવું કે કર્મનો ઉદય બંધનું કારણ નથી, પણ જીવનું ભાવમોહરૂપે પરિણમન કે બંધનું કારણ છે. (પ્ર.સા. ૫૮-૫૯ જયસેનાચાર્યની ટીકા)

● પ્રશ્ન : જીવના–ઔપશમિક, ક્ષાયિક, ઔદયિક, ક્ષાયોપશમિક ભાવોને પારિણામિકભાવ કંઈ અપેક્ષાએ કહેવાય છે તેનો ઉત્તર : ૧. જીવના પર્યાયના દરેક ભાવને, તે પોતાના પરિણામ હોવાથી પોતાની અપેક્ષાએ પારિણામિકભાવ કહેવામાં આવે છે. ૨. આ ચાર ભાવોને કર્મની અપેક્ષાએ (કર્મની સાથે અભાવ અથવા સદ્ભાવ સંબંધ બતાવવા માટે ઔપશમિક વગેરે કહેવામાં આવે છે.

૩. પાંચમા પારિણામિકભાવને પરમપારિણામિકભાવ પણ કહેવામાં આવે છે, અને તેને આશ્રયે જ ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે. (નિયમસાર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૩૦ થી ૬-૫૦ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૪૫ થી ૯-૪૫ : શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૨-૪૫ થી ૩-૪૫ : શ્રી સમયસાર કલશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૩-૪૫ થી ૪-૧૫ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ : શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

## વૈરાગ્ય સમાચાર :–

* મલાડ મંડળના ભૂતપૂર્વ ટ્રસ્ટી શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડાનું તા. ૧૮-૧૧-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેમને તત્ત્વની ઘણી રુચિ હતી.
* કચ્છ નિવાસી દીપકભાઈ વ્રજલાલ શાહ (—તેઓ ઉજમબેન કચ્છીના સુપુત્ર) (ઉ.વ. ૬૨)નું તા. ૨૮-૯-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ સોનગઢ આવી પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતીમાતની તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો.
* સોનગઢના મુમુક્ષુ અને મલાડ મંડળના પ્રમુખ શ્રી ગિરધરભાઈ ઠાકરશી મોદી (ઉ.વ. ૯૦)નું તા. ૨૯-૧૧-૨૦૨૫ના રોજ સોનગઢ મુકામે દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ છેલ્લી ઘડી સુધી પૂજ્ય ગુરુદેવશ્રીની ટેપ સાંભળી હતી, તેઓશ્રી ઘણા ધર્મરુચિવંત હતા.
* સોનગઢ નિવાસી મહેન્દ્રભાઈ કાંતિલાલ શાહ (નૈરોબીવાળા)નું તા. ૨૯-૧૧-૨૦૨૫ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેમને ધર્મની ઘણી રુચિ હતી અને છેલ્લા ઘણા સમયથી તેઓ કાયમ માટે સોનગઢ રહી ધર્મલાભ લેતા હતા.
* સોનગઢ/અમરગઢ નિવાસી રાજેશકુમાર ઉગ્રસેન જૈનના પુત્ર નિયતકુમાર રાજેશકુમાર જૈન (ઉ.વ. ૩૨)નું તા. ૮-૧૨-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સુરેન્દ્રનગર નિવાસી શ્રી સુભાષભાઈ ચીમનલાલ હેમચંદ વોરા (ઉ.વ. ૮૪)નું તા. ૮-૧૨-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેવા સોનગઢ આવતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

**આ અજ્ઞાની પ્રાણી, અમુક મરી ગયા, અમુક મરણ સન્મુખ છે અને અમુક ચોક્કસ મરશે જ—આમ હંમેશા બીજાના વિષયમાં તો ગણતરી કર્યા કરે છે. પરંતુ શરીર, ધન, સ્ત્રી આદિ વૈભવમાં મહા મોહથી પકડાયેલો મૂર્ખ મનુષ્ય પોતાની સમીપ આવેલા મૃત્યુને દેખતો પણ નથી.**

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિત રત્નસંદોહ)

## આત્મધર્મ સંબંધી અગત્યની સૂચના

આપ અમારા મુમુક્ષુ છો. આત્મધર્મ ગુજરાતી અંક તમને ઘણા સમયથી મોકલીએ છીએ. હવે ટ્રસ્ટે નક્કી કરેલ છે કે જે ગ્રાહક ૧૫ વર્ષથી વધુ સમયના છે તેમને આગલા મહિનેથી અંક મોકલવાનું બંધ કરવામાં આવશે. જો તેમણે આત્મધર્મ અંક ફરીથી ચાલુ કરવો હોય તો તેઓ આત્મધર્મ કાર્યાલયને એક સંમતિપત્રક મોકલશો તો તમને બીજા ૫ વર્ષ માટે રીન્યુ કરી આપવામાં આવશે.

આ ઉપરાંત જેઓને ફીઝીકલ કોપી ન જોઈતી હોય તો તેમને **email** અથવા **whatsapp** પર **PDF** ફાઈલ મોકલવામાં આવશે. માટે તમે તમારો વ્યવસ્થિત જવાબ આપશો તે મુજબ તમારો સંતોષ કરવામાં આવશે.

તમારું સંમતિપત્ર આત્મધર્મ કાર્યાલય અથવા **email** કે **Whatsapp** પર મોકલી શકો છો.

આત્મધર્મ કાર્યાલય,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (જિ. ભાવનગર)

**email contact@kanjiswami.org**
**Whatsapp No 9276867578**

## સંમતિપત્ર

પ્રતિ શ્રી આત્મધર્મ કાર્યાલય

આથી હું ................................................................................. જણાવું છું કે અમારે ત્યાં આપના દ્વારા મોકલવામાં આવતા આત્મધર્મ અંકનું અમે નિયમિત વાંચન/સ્વાધ્યાય કરીએ છીએ. તથા કોઈ પ્રકારનો અવિનય અશાતના અમારા દ્વારા થતી નથી. તેથી અમારા માટે આત્મધર્મ અંક રીન્યુ કરવા વિનંતી છે.

આત્મધર્મ ફિઝીકલ /**email** / **whatsapp** ........................ દ્વારા અમને મોકલશો.

ગ્રાહક નંબર : ..................

નામ : ................................................................

સરનામું : ...........................................

...........................................

............................................

સંપર્ક નં. : ................................

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● ભાઈ ! આ તો દુનિયા, જગત સામે બળવો છે. જેને સુખ જોઈતું હોય તેણે સાચો નિર્ણય કરવો પડશે. આમ સર્વ પ્રકારે પોતાને દેવ, ગુરુ, શાસ્ત્રના સ્વરૂપનો નિશ્ચય થયો હોય તો પ્રતિપક્ષીને સમજાવવાનું બળ રહે તથા પોતાની આસ્તિક્યબુદ્ધિ ટકી રહે. પ્રસંગ આવ્યે ડામાડોળ ન થઈ જાય માટે બધા પડખે સાચો નિર્ણય કરવો જોઈએ. પણ પક્ષપાતી થઈ દેવાદિની ભક્તિ, પૂજાદિ કરે તો તેથી કાંઈ મિથ્યાત્વ ટળે નહીં. ૭૨૭.

● જ્ઞાનનું સમ્યક્‌રૂપ અને મિથ્યારૂપ પરિણમન તે પોતાના જ કારણે છે. શ્રદ્ધાના કારણે નથી. શ્રદ્ધા સમ્યક્ થઈ માટે જ્ઞાન સમ્યક્ થયું અને મિથ્યાત્વ હતું માટે જ્ઞાન મિથ્યા હતું. એમ પરમાર્થે નથી. જ્ઞાનનું સમ્યક્‌પણું કે મિથ્યાપણું તે જ્ઞાનની જ જાતિ છે. જ્ઞાનનું જ તેવું પરિણમન થયું છે. જ્ઞાનગુણ અને શ્રદ્ધાગુણની જાતિ જુદી છે. ૭૨૮.

● જો સાચા દેવાદિમાં ભક્તિ નથી આવતી તો લાગે છે કે ધર્મકાર્ય તમને ફીક્કા ભાસ્યા લાગે છે. તેનું કારણ શું ? રુચિ કેમ ઊપજતી નથી ? ઉમંગપૂર્વક ઉદ્યમ થતો નથી. તો લાગે છે કે તમારું ભવિષ્ય ખોટું લાગે છે. ચોરાશીના અવતારમાં તમારું ભટકવું ઊભું રહેશે—એમ લાગે છે. જેમ આહાર ન રુચે ત્યારે જણાય છે કે આનું મરણ નજીક છે. તેમ તમારા અંતરંગમાં જો રસપૂર્વક ધર્મવાસના નથી જાગી, દેવ-ગુરુ પ્રત્યે ઉલ્લાસ—ઉમંગ નથી આવતો તો સંસારચક્ર તમારા માટે હજુ ઊભું છે. લોકો તમને ભલા કહે પરંતુ જેના તમે ભક્ત છો તે કેવળજ્ઞાનીથી તમારું કપટ છુપું નહીં રહે. ૭૨૯.

● ભાઈ, તે પરના આશ્રયની બુદ્ધિ ન છોડી ને સ્વતત્ત્વ તરફ તારું મુખ ન ફેરવ્યું-તો તારી વિદ્વતા શા કામની ? ને તારા શાસ્ત્રભણતર શું કામના ? વિદ્વતા તો તેને કહેવાય કે જેનાથી સ્વાશ્રય કરીને પોતાનું હિત સધાય. ૭૩૦.

● આ ચૈતન્યવિદ્યા તો ભારતની મૂળ વિદ્યા છે. અગાઉ તો બાળપણથી જ ભારતના બાળકોમાં આવી ચૈતન્યવિદ્યાના સંસ્કાર રેડાતા....માતાઓ પણ ધર્માત્મા હતી. તેઓ પોતાના બાળકોને આવા ઉત્તમ સંસ્કારો શીખવતી અને બાળકો પણ અંતરમાં અભ્યાસ કરીને—અંતરમાં ઉતરીને આઠ આઠ વરસની ઉંમરમાં આત્માનો અનુભવ કરતા...ભારતમાં ચૈતન્યવિદ્યાનો આવો ધીકતો ધર્મકાળ હતો...તેને બદલે આજે તો આ ચૈતન્યવિદ્યાનું શ્રવણ મળવું પણ કેટલું દુર્લભ થઈ પડ્યું છે !! ૭૩૧.

૩૬
આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૨૬
અંક-૫ ● વર્ષ-૨૦

Posted at Songadh PO
Publish on 1-1-2026
Posted on 1-1-2026

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**